RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 158* Date: 06.04.2022 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ સંસદ ભવનમાં કોંગ્રેસ સંસદીય દળની બેઠકને સંબોધિત કરી

# કોંગ્રેસ માટે આગળનો રસ્તો પહેલા કરતા વધુ પડકારજનક : સોનિયા ગાંધી

નવીદિલ્હી,તા.૫

કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ મંગળવારે સંસદ ભવનમાં કોંગ્રેસ સંસદીય દળની બેઠકને સંબોધિત કરતા કહ્યું કે કોંગ્રેસ માટે આગળનો રસ્તો પહેલા કરતા વધુ પડકારજનક છે, આપણી લચીલાપણાના ભાવનાની આકરી પરીક્ષા છે. સાથે જ કહ્યું કે સંગઠનમાં દરેક સ્તરે એકતા સૌથી મહત્વપૂર્ણ છે. બેઠકમાં વર્તમાન રાજકીય સ્થિતિ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. સીપીપીની બેઠકનો સંબોધિત કરતા તેમણે કહ્યું કે સીડબ્લ્યુસી બેઠક તાકિદે બોલાવવામાં આવશે આ સાથે જ ટુંક સમયમાં જ ચિંતિન શિબરનું આયોજન કરવામાં આવશે તેમણે પાર્ટીની મજબુતી પર ભાર મુકયો અને કહ્યું કે સમય આવી ગયો છે કે કોંગ્રેસના નેતા પરસ્પર મતભેદ ભુલી પાર્ટીને મજબુત કરે કારણ કે દેશ માટે કોંગ્રેસ જરૂરી છે.

સોનિયા ગાંધીએ સીપીપીની બેઠકમાં કહ્યું કે કોંગ્રેસનું ફરી મજબૂત થવું ફક્ત આપણા માટે જ મહત્વનું નથી, પરંતુ તે આપણા લોકતંત્ર અને સમાજ માટે પણ જરૂરી છે. સંગઠનમાં દરેક સ્તરે એકતા એ સૌથી મહત્ત્વની બાબત છે તેની ખાતરી કરવા માટે જે પણ જરૂરી છે તે કરવા હું સંકલ્પબદ્ધ છું, કોંગ્રેસ માટે હાલમાં તેના સૌથી ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહી છે, સોનિયા ગાંધીએ કહ્યું કે કોંગ્રેસ માટે આગળનો માર્ગ પહેલા કરતા વધુ પડકારજનક છે, જે આપણી સ્થિતિસ્થાપકતાની ભાવનાની કસોટી છે.

પાર્ટીની અંદર તમામ સ્તરે એકતાની જરૂરિયાત પર ભાર મૂકતા કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ મંગળવારે કહ્યું કે આ લોકશાહી અને સમાજ માટે પાર્ટીનું ફરી મજબૂત થવુ જરૂરી છે. સોનિયા ગાંધીએ ભાજપ પર તેના “ધ્રુવીકરણ એજન્ડા” પર નિશાન સાધ્યું.

કોંગ્રેસ વર્કિંગ કમિટીની તાજેતરની બેઠકનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે તેઓ જાણે છે કે તાજેતરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં હારથી નેતાઓ કેટલા નિરાશ હતા. તેમણે ચિંતન શિબિરોનું આયોજન કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. સોનિયા ગાંધીએ વધુમાં કહ્યું “આગળનો રસ્તો વધુ પડકારજનક છે. અમારા સમર્પણ, સુગમતા અને પ્રતિબદ્ધતાની કસોટી કરવામાં આવે છે. અમારા વ્યાપક સંગઠનના દરેક સ્તરે એકતા જરૂરી છે. આ સુનિશ્ચિત કરવા માટે જે પણ જરૂરી છે તે કરવા હું પ્રતિબદ્ધ છું.”

આ સાથે સોનિયા ગાંધીએ એમ પણ કહ્યું કે, જે સૂચનો મળ્યા છે તેના પર કામ કરવામાં આવી રહ્યું છે.કોંગ્રેસ પાર્ટીમાં પરિવર્તન અંગે સોનિયા ગાંધીએ કહ્યું કે, પાર્ટીમાં એકતા સર્વોપરી છે અને તેને સુનિશ્ચિત કરવા માટે હું દરેક પગલું ભરવા તૈયાર છું.

કોંગ્રેસમાં પરિવર્તન માત્ર પક્ષ માટે જ નહીં પરંતુ દેશના લોકતંત્ર અને સમાજ માટે પણ જરૂરી છે. હું જાણું છું કે તાજેતરની ચૂંટણીમાં હારથી તમે બધા કેટલા દુઃખી છો. પરિણામો આઘાતજનક અને ઉદાસી હતા. દેશને તોડવાનો અને ધ્રુવીકરણ કરવાનો સરકારનો એજન્ડા ચાલુ છે.

ભાજપ પર તેના “વિભાજન અને ધ્રુવીકરણના એજન્ડા” પર પ્રહાર કરતા સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, વિભાજન સમયે તથ્યો અને ઈતિહાસને વિકૃત કરવું એ શાસક પક્ષ માટે નિયમિત બાબત બની ગઈ છે. “અમે ભાજપને સદીઓથી આપણા વૈવિધ્યસભર સમાજને એકીકૃત અને સમૃદ્ધ બનાવનાર સૌહાર્દના સંબંધોને બગાડવા નહીં દઈએ.” તેમણે કોંગ્રેસ નેતાઓનો મોંધવારી વિરૂધ્ધ પોતાનો અવાજ મજબુત કરવા માટે જણાવ્યું હતું તેમણે જરૂરી ચીજવસ્તીઓના વધતા ભાવ અંગે તેમણે કેન્દ્ર સરકારની ટીકા કરી હતી.

પાંચ રાજ્યોમાં તાજેતરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં કારમી હારનો સામનો કર્યા બાદ કોંગ્રેસ સંસદીય દળની આ પ્રથમ બેઠક છે. પાર્ટીએ આ વર્ષે ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં વિધાનસભા ચૂંટણીનો સામનો કરવાનો છે. બીજી તરફ કોંગ્રેસ આ દિવસોમાં આંતરિક વિખવાદનો સામનો કરી રહી છે. એક તરફ મધ્યપ્રદેશના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ અરુણ યાદવ નારાજ છે તો બીજી તરફ છત્તીસગઢ અને રાજસ્થાનનો મુદ્દો ઉકેલાયો નથી.



તેમણે કહ્યું કે આપણા ચાર ખુબ વરિષ્ઠ અને અનુભવી સાથી તાજેતરમાં રાજયસભામાંથી નિવૃત થયા છે.તેમાંથી પ્રત્યેકે પોતાના કાર્યકાળ દરમિયાન ખુબ યોગદાન આપ્યું છે.હું તે તમામને અભિનંદન આપું છે.મને વિશ્વાસ છે કે તો તમામ જાહેર અનો રાજનીતિક જીવનમાં કોઈને કોઇ રીતે જોડાયેલા રહેશે અનો આપણી પાર્ટીને મજબુત કરવા માટે કામ કરવાનું જારી રાખશે પાર્ટીથી નારાજ ચાલી રહેલ નેતાઓને સોનિયાએ ઈશારો આપ્યો કે તે તાકિદે અનેક પરિવર્તન કરનાર છે જયારે બીજી તરફ વર્કિંગ કમિટીની બેઠકને પણ બોલાવવાની વાત કરી હતી સોનિયાએ કહ્યું કે હું સારી રાતે જાણુ છું કે તાજેતરની ચુંટણી પરિણામોથી અમે કેટલા નિરાશ છે તે ચોંકાવનાર અને દર્દનાક બંન્ને રહ્યાં છે.કોંગ્રેસે બીજીવાર જીવતી કરવા માટે અનેક નિર્ણય લેવાની માંગ કરી રહ્યાં છે. જી ૨૩થી કહ્યું કે તેમને પાર્ટીને મજબુત કરવાની બાબતમાં અનેક સુચન મળ્યા છે અને તે તેના પર કામ કરી રહ્યાં છે.તેમણે કહ્યું કે ચિંતન શિબિર તે જગ્યા છે જયાં મોટી સંખ્યામાં પાર્ટીના લોકોના સુચન સાભળવામાં આવશે

## સોનિયા ગાંધી પંજાબના સાંસદો સાથે બેઠક કરશે ,નવા પ્રદેશ અધ્યક્ષની જાહેરાત ટૂંક સમયમાં

,નવીદિલ્હી,તા.૫

તેલંગાણા કોંગ્રેસમાં સંકટની પરિસ્થિતિ છે. આ સમસ્યાનો સામનો કરવા માટે પાર્ટીએ નવી સિસ્ટમ તૈયાર કરવાનો નિર્ણય લીધો હોવાના અહેવાલ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેલંગાણાના ઘણા નેતાઓ પ્રદેશ અધ્યક્ષ રેવંત રેડ્ડીના કામ કરવાની રીતથી નારાજ છે. હાલમાં જ રાહુલ ગાંધીએ રાજ્યના કોંગ્રેસના નેતાઓ સાથે બેઠક કરી હતી. તેમણે નેતાઓને એક થઈને કામ કરવા જણાવ્યું હતું.

કેન્દ્રીય નેતૃત્વએ રેડ્ડીનો વિરોધ કરી રહેલા નેતાઓને કહ્યું છે કે, તેમની ફરિયાદો સાંભળવા માટે એક મિકેનિઝમ બનાવવામાં આવશે. રાજ્યના લગભગ ૩૦ નેતાઓ અને રાહુલ ગાંધી વચ્ચે મેરેથોન બેઠક બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. એક નેતાએ અખબારને માહિતી આપી હતી કે, મુદ્દાઓની તપાસ માટે એક સમિતિની રચના કરવામાં આવી શકે છે.

એક વરિષ્ઠ નેતાએ કહ્યું, “સારી વાત એ છે કે તમામ મતભેદો હોવા છતાં, ૩૦ થી વધુ નેતાઓ એકસાથે બેઠા અને રાહુલ ગાંધી સાથે ત્રણ-ચાર કલાક વિતાવ્યા.” “તેમણે કેટલાક લોકોની સમસ્યાઓ સાંભળી અને અન્યનીપ નવી મિકેનિઝમ સાથે ઉકેલવામાં આવશે,” તેમણે કહ્યું. આજે પાર્ટીનો ઉદ્દેશ્ય એક થઈને લડવાનું છે અને નિશાન સાધવાનું છે.

નવી મિકેનિઝમ અંગે તેમણે કહ્યું કે ‘વરિષ્ઠ નેતાઓની કમિટી જેવી વસ્તુની સ્થાપના કરવામાં આવશે. રેડ્ડી સામે નારાજગી વ્યક્ત કરનારા નેતાઓમાં કોંગ્રેસ વિધાયક દળના નેતા મલ્લુ ભાટી વિક્રમાર્કા, ધારાસભ્ય ડી શ્રીધર બાબુ અને વરિષ્ઠ નેતા વી હનુમંત રાવ સહિત અનેક નેતાઓના નામ સામેલ છે. અન્ય એક નેતાએ કહ્યું, “લોકો વચ્ચે મોટા મતભેદો છે. વાતચીત સારી નથી. એટલા માટે આ બેઠક બોલાવવામાં આવી હતી.

તેલંગાણા કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ ટી જયપ્રકાશ રેડ્ડીએ પણ ખુલ્લેઆમ રેવંત રેડ્ડીની ટીકા કરી છે. રેવન્ત રેડ્ડી, કેસી વેણુગોપાલ, મણિકમ ટાગોરે સોમવારે યોજાયેલી બેઠકમાં હાજરી આપી હતી. ગયા વર્ષે નવેમ્બરમાં હુઝુરાબાદ પેટાચૂંટણીમાં પાર્ટીના ખરાબ પ્રદર્શન બાદ તેલંગાણામાં કોંગ્રેસમાં વિવાદ ફાટી નીકળ્યો છે.

રાજયમાં ભલે આગામી વર્ષના અંતમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે, પરંતુ કોંગ્રેસની નેતાગીરી મુશ્કેલીઓ દૂર કરીને વહેલી તૈયારીઓ શરૂ કરવા માંગે છે. અહેવાલ છે કે પાર્ટી ચૂંટણી રણનીતિકાર સુનીલ કાનુગોલુની મદદ લઈ શકે છે.

### ઇમરાનના મનસૂબા પર પાણી ફરી વળ્યું?

## ત્રણ મહિનામાં દેશમાં નવી સામાન્ય ચૂંટણીઓ યોજવી શક્ય બની શકે તેમ નથી : ચુંટણી પંચ

પાકિસ્તાનનો રાજકીય ડ્રામા વધી રહ્યો છે. ઈમરાન ખાનની ભલામણ પર રાષ્ટ્રપતિ આરિફ અલ્વીએ નેશનલ એસેમ્બલીનું વિસર્જન કર્યું હતું. હવે એવું કહેવામાં આવી રહ્યું છે કે અહીં ૯૦ દિવસમાં ચૂંટણી થશે. જો કે, પાકિસ્તાનના ચૂંટણી પંચનું કહેવું છે કે ત્રણ મહિનામાં નવી સામાન્ય ચૂંટણીઓ યોજવી શક્ય નથી.જો પાકિસ્તાનમાં બધું બરાબર ચાલ્યું હોત તો ઓગસ્ટ ૨૦૨૩માં સામાન્ય ચૂંટણી થઈ હોત, પરંતુ રાજકીય સંકટના કારણે દોઢ વર્ષ પહેલા ગૃહ વિસર્જન થઈ ગયું છે. ઈમરાન ખાન વિપક્ષ પર કટાક્ષ કરતા કહે છે કે અમે તેમને ચૂંટણી લડવા માટે કહ્યું અને તેઓ સુપ્રીમ કોર્ટ પહોંચ્યા. જો કે, ઈમરાનની પુનઃ ચૂંટણીની યોજનાઓ ખોરંભે પડી રહી છે. ચૂંટણી પંચનું કહેવું છે કે આટલા ઓછા સમયમાં ચૂંટણી યોજવી મુશ્કેલ છે. આમાં માત્ર બંધારણીય પડકારો જ નથી પરંતુ અન્ય ઘણી સમસ્યાઓ પણ છે. પાકિસ્તાની અખબાર ‘ડોન’એ ચૂંટણી પંચ સાથે જોડાયેલા એક વરિષ્ઠ અધિકારીને ટાંકીને કહ્યું છે કે ફરીથી ચૂંટણી કરાવવામાં ઓછામાં ઓછા ૬ મહિનાનો સમય લાગશે.

**૯૦ દિવસમાં ચૂંટણી યોજવામાં શું મુશ્કેલીઓ પડશે?**

૧. સીમાંકનઃ ચૂંટણી પંચના અધિકારીએ ડૉનને જણાવ્યું હતું કે મતવિસ્તારોનું સીમાંકન નવેસરથી કરવું પડશે. ખાસ કરીને ખૈબર-પખ્તુનખ્વામાં જ્યાં સીટોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે. અહીં મતદાર યાદી તૈયાર કરવી એ એક મોટો પડકાર છે. અધિકારીના મતે સીમાંકન એક લાંબી પ્રક્રિયા છે. એક મહિનો માત્ર વાંધાઓ માટે અને તે પછી એક મહિનો તે વાંધાઓ સુધારવા માટે જરૂરી છે. તેમણે કહ્યું કે સીમાંકનમાં જ ત્રણ મહિનાનો સમય લેવામાં આવશે.

૨. ચૂંટણી માટેની તૈયારીઃ અધિકારીએ કહ્યું કે ચૂંટણી સામગ્રીની પ્રાપ્તિ, બેલેટ પેપરની વ્યવસ્થા અને ચૂંટણી કર્મચારીઓની નિમણૂક અને તાલીમ પણ મુખ્ય પડકારો છે. કાયદા મુજબ માત્ર વોટર માર્કવાળા બેલેટ પેપરનો ઉપયોગ કરી શકાય છે. આ બેલેટ પેપર બહારથી આયાત કરવામાં આવે છે. તેમણે કહ્યું કે બિડિંગમાં પણ સમય લાગશે. લગભગ ૧ લાખ મતદાન મથકો માટે ૨૦ લાખ સ્ટેમ્પ પેડની જરૂર પડશે. આ સિવાય કાતર અને બોલ પોઈન્ટ પણ ખરીદવા પડશે.

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૭૯૫ કેસ,૫૮ દર્દીઓના મોત

નવીદિલ્હી,તા.૫

દેશમાં કોરોનાના કેસ સમાપ્તી તરફ વધી રહ્યા છે, નવા કેસમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. ટૂંક સમયમાં ભારત કોરના મુક્ત થઈ જશે.આજે છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં કોરોના વાયરસના નવા કેસોમાં ૧૩ ટકાનો ઘટાડો થયો છે અને આ સમયગાળામાં ૭૯૫ નવા કેસ નોંધાયા છે. નવા કેસ સાથે, દેશમાં કોરોના કેસની કુલ સંખ્યા ૪૩, ૦૨૯,૮૩૯ થઈ ગઈ છે. જ્યારે સક્રિય કેસની સંખ્યા ૧૨,૦૫૪ છે. છેલ્લા ૨૪ કલાકમાં આ જીવલેણ વાયરસને ૧,૨૮૦ લોકોએ હરાવ્યો છે. અત્યાર સુધીમાં કુલ ૪૨,૪૯૬,૩૬૯ લોકો કોરોનાથી સાજા થયા છે.

છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના કારણે ૫૮ લોકોના મોત થયા છે. જ્યારે ગઈકાલે આ સંખ્યા ૧૩ હતી. દેશમાં આ વાયરસના કારણે અત્યાર સુધીમાં કુલ ૫૨૧,૪૧૬ લોકોના મોત થયા છે. કોરોનાને હરાવવા માટે દેશમાં લોકોને ઝડપથી રસી આપવામાં આવી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૬,૧૭,૬૬૮ લોકોને રસી આપવામાં આવી છે. અત્યાર સુધીમાં કુલ ૧,૮૪,૮૭,૩૩,૦૮૧ રસી આપવામાં આવી છે. કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરી સોમવારે સતત પાંચમા દિવસે કોવિડ મુક્ત રહ્યો. છેલ્લા ૨૪ કલાકમાં અહીં કોરોના વાયરસના ચેપનો એક પણ કેસ નોંધાયો નથી અને સારવાર હેઠળના દર્દીઓની સંખ્યા પણ શૂન્ય પર રહી છે. સ્વાસ્થ્ય વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ આ માહિતી આપી. ડાયરેક્ટર (આરોગ્ય) જી. શ્રીરામુલુએ કહ્યું કે સોમવારે સવારે ૧૦ વાગ્યે સમાપ્ત થયેલા ૨૪ કલાકના સમયગાળામાં, કોવિડ - ૧૯ માટે ૧૨ નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું, જેમાંથી એકમાં પણ ચેપની પુષ્ટિ થઈ નથી.શ્રીરામુલુના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં પુડુચેરીમાં કોરોના વાયરસના ચેપને કારણે એક પણ જીવ ગયો નથી, જેના કારણે આ કેન્દ્ર શાસિત પ્રદેશમાં મૃત્યુઆંક ૧,૯૬૨ પર સ્થિર રહ્યો છે.

## પેટ્રોલ-ડીઝલમાં ભાવ વધારો એ 'વડાપ્રધાન જનધન લૂટ યોજના' : રાહુલ ગાંધી

નવીદિલ્હી,તા.૫

દેશમાં પેટ્રોલ-ડીઝલ તેમજ રસોઈ ગેસના ભાવો નિરંતર વધી રહ્યા છે. આ દરમિયાન કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પેટ્રોલ-ડીઝલ-ગેસના ભાવ વધારાને લઈને કેન્દ્ર સરકાર પર શાબ્દિક હુમલો કર્યો છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, આ ‘વડાપ્રધાન જનધન લૂટ યોજના‘ છે. રાહુલ ગાંધીએ બાઈક, કાર, ટ્રેક્ટર અને ટ્રકના પેટ્રોલ ટેક્ક ફુલ કરાવવાની વર્તમાન કીંમતોની તુલના ૨૦૧૪ના સમયની કીંમતો સાથે કરીને એક ગ્રાફ ટ્વીટર પર શેર કર્યો છે.

કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ ટ્વીટ કર્યું કે, મોદી સરકારના કાર્યકાળમાં હવે દરેક સવાર પોતાની સાથે ઉમંગ નહીં, પરંતુ મોંઘવારીની ઉદાસી લઈને આવે છે. ઈંધણ લૂટના નવા જથ્થામાં આજે સવારે પણ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૪૦ પૈસા પ્રતિ લીટરનો વધારો થયો છે. સીએનજી પણ ૨.૫૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ મોંઘો થયો છે. કોંગ્રેસ પ્રવક્તા સુરજેવાલાએ આરોપ લગાવ્યો કે ભાજપને વોટ મતલબ મોંઘવારીનો જનાદેશ. પેટ્રોલ અને ડીઝલની કીંમતોમાં ફરી એક વાર ૪૦ પૈસા પ્રતિ લીટરનો વધારો થયો છે.

બે સપ્તાહથી ઓછામાં સમયમાં પેટ્રોલની કીંમતોમાં કુલ ૮.૪૦ રૂપિયા પ્રતિ લીટરનો વધારો થયો છે. અહીંયા નોંધવું રહ્યું કે, ઉત્તરપ્રદેશ સહિત પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણી પૂર્વ પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો સ્થગિત કરાયો હતો, પરંતુ ચૂંટણી પરિણામ પછી નિરંતર પેટ્રોલ-ડીઝલ અને રસોઈ ગેસના ભાવમાં વધારો થઈ રહ્યો છે, જેના કારણે ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ રહ્યું છે.

## ભાજપ પર વર્ષ ૨૦૧૯-૨૦માં થઈ ધનવર્ષા, સૌથી વધુ ૭૨૦ કરોડ રૂપિયા કોર્પોરેટ ડોનેશન મળ્યું

નવીદિલ્હી,તા.૫

કોર્પોરેટ અને બિઝનેસ સંસ્થાઓએ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં રાષ્ટ્રીય પક્ષોને ૯૨૧.૯૫ કરોડ રૂપિયાનું દાન આપ્યું હતું. ભાજપને સૌથી વધુ ૭૨૦.૪૦૭ કરોડ રૂપિયા મળ્યા છે. કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા-માર્કસિસ્ટે આ સમયગાળા દરમિયાન કોર્પોરેટ દાનમાંથી કોઈ આવક દર્શાવી નથી. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સના રિપોર્ટમાં આ માહિતી સામે આવી છે.

તેમાં કહેવામાં આવ્યું છે કે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ વચ્ચે કોર્પોરેટ તરફથી રાષ્ટ્રીય પક્ષોને દાનમાં ૧૦૯ ટકાનો વધારો થયો છે. એક નાણાકીય વર્ષમાં ૨૦,૦૦૦ રૂપિયાથી વધુનું દાન આપનારા દાતાઓની માહિતી પર પક્ષો તરફથી ચૂંટણી પંચને રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે.

એડીઆરએ પાંચ પક્ષોના દાનનું વિશ્લેષણ કર્યું. તેમાં ભારતીય જનતા પાર્ટી,ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ,નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી,ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ અને કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા - માર્ક્સવાદી નો સમાવેશ થાય છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે પ્રુડન્ટ ઈલેક્ટોરલ ટ્રસ્ટે ૨૦૧૯-૨૦માં ભાજપ અને કોંગ્રેસને સૌથી વધુ દાન આપ્યું હતું. ટ્રસ્ટે એક વર્ષમાં બંને પક્ષોને ૩૮ વખત દાન આપ્યું, જે કુલ ૨૪૭.૭૫ કરોડ રૂપિયા હતા. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભાજપને પ્રુડન્ટ ઈલેક્ટોરલ ટ્રસ્ટ તરફથી ૨૧૬.૭૫ કરોડ રૂપિયા અને કોંગ્રેસને ૩૧.૦૦ કરોડ રૂપિયા મળ્યા છે. બીજી શિર્કે કન્સ્ટ્રક્શન ટેક્નોલોજી પ્રાઈવેટ લિમિટેડે ૨૦૧૯-૨૦માં એનસીપીમાં સૌથી વધુ દાન આપ્યું છે. જણાવી દઈએ કે પ્રુડન્ટ સૌથી ધનાઢ્ય ચૂંટણી ટ્રસ્ટ છે અને ૨૦૧૩-૧૪થી તે ભાજપના સૌથી મોટા ફંડર્સમાંથી એક છે. લગભગ ૯૦ ટકા કોર્પોરેટ દાન ચૂંટણી ટ્રસ્ટોને જાય છે.

## તંત્રી સ્થાનેથી...

# હોસ્પિટલો પર લગામ

***મોટી ખાનગી હોસ્પિટલો પર લાંબા સમયથી દવાઓ અને સુવિધાઓને બદલે દર્દીઓ પાસેથી તોતિંગ ફી વસૂલવાના આરોપ લાગતા રહે છે. દુર્ભાગ્યે આરોપો અને વાંધાઓની ખાસ અસર નથી થતી, કારણ કે ચિકિત્સા બજારમાં આ હોસ્પિટલોનો એકાધિકાર છે. પરંતુ હવે આ સિલસિલો અટકી શકે છે. ભારતના પ્રતિસ્પર્ધા આયોગ (સીસીઆઇ)એ દેશની ત્રણ સૌથી મોટી હોસ્પિટલો - મેક્સ હેલ્થકેર, ફોર્ટિસ હેલ્થકેર અને અપોલો હોસ્પિટલ્સને પૂછ્યું છે કે તેઓ પોતાની હોસ્પિટલોમાં દવાઓ અને અન્ય ચિકિત્સા સામગ્રીઓના ભાવ કેવી રીતે નક્કી કરે છે. જો તેમનો જવાબ સંતોષજનક નહીં મળે તો આયોગ તેમને દંડિત કરી શકે છે. આ કાર્યવાહી એક લાંબી તપાસ બાદ કરવામાં આવી છે અને દેશમાં આવી કોઈ તપાસ પહેલી વાર થઈ છે. ૨૦૧૫માં દિલ્હીમાં એક વ્યક્તિએ ફરિયાદ કરી હતી કે જે સિરિન્જ સામાન્ય દુકાનો પર દસ રૂપિયામાં મળે છે, તે એક મોટી હોસ્પિટલમાં બેગણા ભાવે વેચવામાં આવે છે. હંમેશાં જોવામાં આવે છે કે મોટી હોસ્પિટલો ત્યાં સુધી કે ક્લિનિક પણ, દર્દીઓને પોતાના જ સ્ટોરમાંથી દવાઓ અને જરૂરી ચિકિત્સા સામગ્રી ખરીદવાનું દબાણ કરે છે. તેમને ત્યાં તપાસના દરો પણ બહુ ઊંચા હોય છે.***

***મોટી હોસ્પિટલોમાં ભલે સારા ડોક્ટરો હોય અને તેમને ત્યાં ઉપચારની સારી સુવિધાઓ પણ હોય, પરંતુ આ આધારે મનમાની ફી વસૂલવા કે મોંઘી દવાઓ વેચવાને યોગ્ય ન ઠેરવી શકાય. આવા સમાચારો હંમેશાં આવતા રહે છે કે સારવારના પૈસા નહિ ચૂકવી શકવાને કારણે દર્દીને બંધક બનાવી લેવામાં આવે છે. ક્યારેક તો મૃત રોગીની લાશ પરિજનોનો સોંપવાનો ઇનકાર કરી દેવામાં આવે છે. પ્રતિસ્પર્ધા આયોગે ગયા વર્ષે થયેલ પોતાની વિસ્તૃત તપાસમાં જોયું કે ખાનગી હોસ્પિટલો કેટલાય ગણા નફા પર દવાઓ અને અન્ય ચીજો વેચી રહ્યા છે. એ પણ જોવામાં આવ્યું છે કે દવા બનાવતી કંપનીઓનું ખાનગી હોસ્પિટલો અને ક્લિનિકો સાથે સાંઠગાંઠ હોય છે. ઉલ્લેખનીય છે કે આપણા દેશમાં કેટલીક જરૂરી દવાઓના ભાવ રાષ્ટ્રીય દવા મૂલ્ય પ્રાધિકાર દ્વારા નિર્ધારિત છે, જેથી બધાને તે આસાનીથી ઉપલબ્ધ કરાવી શકાય. સરકારી હોસ્પિટલો અને કાર્યક્રમોમાં તે નિઃશુલ્ક પણ આપવામાં આવે છે. અન્ય દવાઓની કિંમત કંપનીઓ નક્કી તો કરી શકે છે, પરંતુ તે ઉપયોગ થયેલા ફોર્મ્યૂલાના અધિકતમ રિટેલ મૂલ્ય કરતાં દસ ટકાથી વધારે ન હોઈ શકે. ભારતમાં ચિકિત્સકો અને સ્વાસ્થ્ય કેન્દ્રોની બહુ અછત છે. સરકારી હોસ્પિટલોમાં કાં તો સંસાધનો અને સુવિધાઓની કમી છે કે પછી ભારે ફી. એવામાં ખાનગી હોસ્પિટલોમાં મોંઘી સારવાર કરાવવા સિવાય કોઈ વિકલ્પ નથી હોતો. પ્રતિસ્પર્ધા આયોગની કાર્યવાહીથી આશા બંધાઈ છે કે હોસ્પિટલોની નફાખોરી પર લગામ લાગશે. સરકારી સ્તર પર નિરંતર નિરીક્ષણ પણ રાખવું જોઇએ, હોસ્પિટલોએ પણ પોતાના વલણમાં સુધાર કરવો જોઈએ અને યાદ રાખવું જોઇએ કે તેમને સસ્તા ભાવે જમીન લોન, રાહત વગેરે સુવિધાઓ જનતાની સેવા માટે જ આપવામાં આવે છે***




મહિલા પતંજલી યોગ સમિતિ, ગાંધીનગર અને માનસ યોગ સેવા ટ્રસ્ટ,ગાંધીનગર ના સંયુક્ત ઉપક્રમે ×લક્ષ્ય આરોગ્યમ× અભિયાન અંતર્ગત ગુજરાત વિદ્યાપીઠ રાંધેજા કન્યા છાત્રાલયમાં ત્રિદિવસીય યોગ શિબિરનું અત્યંત સુંદર આયોજન

### સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહઃ ક્રૂડ તેલમાં વૃદ્ધિ

# મેન્થા તેલ, રબરમાં નરમાઈ: કોટનના વાયદાના ભાવમાં તેજીનો માહોલ: નેચરલ ગેસમાં સુધારો: સીસા સિવાયની તમામ બિનલોહ ધાતુઓ વધી

મુંબઈ:

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૬૬,૪૬૩ સોદાઓમાં કુલ રૂ.૧૪,૦૯૫.૩૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના એપ્રિલ વાયદામાં ૭૩ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૫૩,૧૭૯ સોદાઓમાં કુલ રૂ.૨,૮૦૧.૬૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૧,૩૦૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૩૧૦ અને નીચામાં રૂ.૫૧,૧૬૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૪ ઘટી રૂ.૫૧,૨૩૨ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની એપ્રિલ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૬ ઘટી રૂ.૪૧,૧૦૨ અને ગોલ્ડ-પેટલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩ ઘટી રૂ.૫,૧૧૫ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૩૦૦ના ભાવે ખૂલી, રૂ.૮૫ ઘટી રૂ.૫૧,૧૪૪ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૬,૨૫૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૬,૮૦૨ અને નીચામાં રૂ.૬૬,૧૭૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૩૩૯ વધી રૂ.૬૬,૬૩૪ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ. ૨૮૫ વધી રૂ.૬૬,૮૧૪ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૨૯૪ વધી રૂ.૬૬,૮૨૪ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭,૬૩૨ સોદાઓમાં રૂ.૧,૫૧૬.૩૪ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો ૧ કિલોદીઠ રૂ.૪.૧૦ વધી રૂ.૨૮૦.૨૫ અને જસત એપ્રિલ વાયદો રૂ.૪.૮૦ વધી રૂ.૩૫૪ના ભાવ થયા હતા. આ સામે તાંબુ એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૪ વધી રૂ.૮૨૪.૫૫ અને નિકલ એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૨૮.૯ વધી રૂ.૨,૫૨૮.૯૦ તેમ જ સીસું એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૫ ઘટી રૂ.૧૮૫ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૬,૭૦૯ સોદાઓમાં કુલ રૂ.૪,૦૫૩.૪૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૮૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૯૪૫ અને નીચામાં રૂ.૭,૮૦૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૨૪ વધી રૂ.૭,૮૩૯ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ એપ્રિલ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭.૮૦ વધી રૂ.૪૪૩.૩૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૫૦૬ સોદાઓમાં રૂ.૧૫૪.૨૯ કરોડનાં કામકાજ થયા હતા. કોટન એપ્રિલ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૨,૭૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૩,૩૫૦ અને નીચામાં રૂ.૪૨,૬૩૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૮૦ વધી રૂ.૪૩,૦૭૦ના સ્તરે પહોંચ્યો હતો. રબર એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧૦૦ કિલોદીઠ રૂ.૧૭,૫૦૦ના ભાવે ખૂલી, રૂ.૩૨૨ ઘટી રૂ.૧૭૪૫૯ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૯.૧૦ ઘટી રૂ.૧૧૨૧.૪૦ થયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૮,૫૩૭ સોદાઓમાં રૂ.૧,૩૭૧.૭૧ કરોડનાં ૨,૬૬૪.૭૬૬ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૪૪,૬૪૨ સોદાઓમાં કુલ રૂ.૧,૪૨૯.૯૮ કરોડનાં ૨૧૪.૨૨૪ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૭,૭૨૦ સોદાઓમાં રૂ.૨,૭૯૧.૨૫ કરોડનાં ૩૫,૪૨,૨૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૧૮,૯૮૯ સોદાઓમાં રૂ.૧,૨૬૨ કરોડનાં ૨૮૫૦૭૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૯૭૪ સોદાઓમાં રૂ.૧૨૭.૪૫ કરોડનાં ૨૯૫૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૫૨૦ સોદાઓમાં રૂ.૨૬.૫૮ કરોડનાં ૨૩૪ ટન, રબરના વાયદાઓમાં ૧૨ સોદાઓમાં રૂ.૦.૨૬ કરોડનાં ૧૫ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૦૫૬.૨૩૪ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૩૮૯.૭૮૬ ટન, ક્રૂડ તેલમાં ૫૮૧૧૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૩૯૦૩૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૩૯૭૦૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૧૬.૫૨ ટન, રબરમાં ૬૭ ટન ના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં ૪૮૨ સોદાઓમાં રૂ.૩૮ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૪૮૨ સોદાઓમાં રૂ.૩૮ કરોડનાં ૫૦૮ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૬૭૭ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ એપ્રિલ વાયદો ૧૪,૯૩૦ના સ્તરે ખૂલી, ૭૩ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૪ પોઈન્ટ વધી ૧૪,૯૫૭ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ૫૬૯૫૫ સોદાઓમાં રૂ.૫,૫૩૧.૫૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૮૪.૬૭ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૮.૨૭ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪,૮૩૯.૨૦ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૭૯.૦૫ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૧૫૯.૬૩ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૭૫ ખૂલી, ઊપરમાં રૂ.૩૩૩.૯૦ અને નીચામાં રૂ.૨૬૪ રહી, અંતે રૂ.૪૯.૩૦ વધી રૂ.૨૯૨.૧૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૪૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૪ ખૂલી, ઊપરમાં રૂ.૨૮.૮૫ અને નીચામાં રૂ.૨૪ રહી, અંતે રૂ.૪.૮૫ વધી રૂ.૨૮.૧૫ થયો હતો. સોનું મે રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૫૪.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૯૩.૫૦ અને નીચામાં રૂ.૬૯૧ રહી, અંતે રૂ.૭૯.૫૦ ઘટી રૂ.૭૦૯.૫૦ થયો હતો. આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૭,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૯૯ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૦ અને નીચામાં રૂ.૧૬૯.૮૦ રહી, અંતે રૂ.૪૬.૪૦ ઘટી રૂ.૧૯૯.૮૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૪૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૮.૧૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૮.૧૫ અને નીચામાં રૂ.૨૩.૯૫ રહી, અંતે રૂ.૨.૮૦ ઘટી રૂ.૨૪.૯૦ થયો હતો. સોનું મે રૂ.૪૯,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૫૫ અને નીચામાં રૂ.૧૩૮.૫૦ રહી, અંતે રૂ.૧૭.૫૦ ઘટી રૂ.૧૪૧.૫૦ થયો હતો.

# અમૂલ ડેરીનો રેકોર્ડબ્રેક ટર્નઓવર, ૧૦ હજાર કરોડને પાર

અમદાવાદ,તા.૫

દેશની બ્રાન્ડ અમૂલ દૂધની કંપનીએ રેકોર્ડ સર્જીયો છે, જેના પગલે વિશ્વમાં અમૂલ કંપનીનું નામ ખુબ પ્રખ્યાત થયું છે, કંપનીએ ટર્નઓવરમાં રેકોર્ડ કરી નાંખ્યો છે. અમૂલ દૂધની કંપનીના ટર્નઓવરમાં સૌથી મોટો વધારો નોંધાવ્યો છે. કંપનીનું વાર્ષિક ટર્નઓવર ૧૯ ટકા વધી ૧૦ હજાર ૨૨૯ કરોડ પર પહોંચ્યુ છે. ગત વર્ષે કંપનીમાં દૂધની ૧૩૧ કરોડ લીટર થઈ હતી. જ્યારે ચાલુ વર્ષે કંપનીમાં દૂધની ૧૫૦ કરોડ લીટર દૂધની આવક થઈ છે. ગત વર્ષ કંપનીએ ૩૨૦ કરોડ રૂપિયાની ચૂકવણી કરી હતી. જ્યારે આ વર્ષે કંપનીએ ૩૫૦ કરોડ રૂપિયાની ખેડૂતોને ચૂકવણી કરી છે. જેમાં ૯.૩૭ ટકાનો વધારો થયો છે.

અમૂલ કંપનીએ દેશનું નામ વિશ્વમાં પ્રખ્યાત કર્યું છે. ડેરીએ વર્ષ ૨૦૨૧-૨૨ માં સારો દેખાવ કર્યો છે. સામાન્ય રીતે વર્ષ ૨૦૨૧-૨૨ આંતરરાષ્ટ્રીય ડેરી વેપાર માટે ખૂબ જ કપરું હતું, તેમ છતાં અમૂલ ડેરીનું વાર્ષિક ટર્નઓવર રૂપિયા ૧૦,૨૨૯ કરોડને પાર કરી ગયું છે. જે સંઘના ઈતિહાસમાં સર્વાધિક છે. જે ગત વર્ષના રૂપિયા ૮૫૯૮ કરોડની તુલનામાં ધંધાની કુલ ૧૯ ટકા વૃદ્ધિ દર્શાવે છે. સંઘના વ્યવસાયમાં કલકત્તા, પૂણે તથા મુંબઇ સહિત સમગ્ર રીતે સંતોષકારક વધારો થયેલો હોવાનું ચેરમેન રામસિંહ પરમારે જણાવ્યું હતું. ગુજરાતની અને વિશ્વવિખ્યાત અમુલ ડેરી મામલે મહત્વના અહેવાલ સામે આવ્યા છે. જેમાં ગુજરાત રાજયની અમુલનું વાર્ષિક ટર્ન ઓવર ૧૦ હજાર કરોડને પાર થઇ ગયું છે.



વિર પુરુષ ગોહિલ કુળ શિરોમણી પીરમબેટ ના રાજા સૌપ્રથમ દરીયા માં દાણ લેવાનું ચાલુ કરી પ્રાચિન સમયમાં દિલ્હીના બાદશાહ ના વહાણ હોય કે અર્વાચીન સમય માં દરીયાઇ માર્ગે પસાર થતા દરેક જહાજ કે નાના માછીમારો પણ ×લે જે મોખડા તારું દાણ× કહી શ્રીફળ પીરમ પાસેથી પસાર થતા પધરાવી દર્શન કરેછે એવા વિરવર પુરુષ જેમનું માથું કપાયા પછી ૨૧ માઈલ સુધી ધડ લડયુ એ વિરવર પુરુષ ના કુળ માં પરમાત્મા એ જન્મ મળ્યો અને મોખડાજી દાદા ની પુણ્યતિથિ પર ધોધા ધ્વજારોહણ નુ સૌભાગ્ય સાપડયુ ગોહિલવાડ રાજપુત સમાજ નો રૂણ સ્વિકાર.

# સત્યની આંખે ( ભાગ-૫ )




## આજનું શિક્ષણ માત્ર પરીક્ષાલક્ષી બની ગયું છે.

તમસો મા જ્યોર્તિગમય અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનરૂપી દીપક પ્રગટે એ જ સાચું શિક્ષણ.

જીવનની કારકિર્દી માં સફળતા પ્રાપ્ત કરવા માટે જ્ઞાનલક્ષી શિક્ષણ હોવું જરૂરી છે.પરંતુ વાસ્તવિક દુનિયામાં તેનું જ્ઞાન માત્ર પુસ્તકલક્ષી બની ગયું છે. વિદ્યાર્થીને જીવનલક્ષી કેળવણી મળતી નથી. ગણતર વિનાનું આજનું ભણતર ગોખણિયું બની ગયું છે. વિદ્યાર્થીએ દિવસરાત એક કરીને પાઠ તૈયાર કરવા પડે છે. કારણ આજના આધુનિક શિક્ષણમાં પાઠયપુસ્તકો ના કોષ ખુબ જ વધારે પડતા છે. જે વિદ્યાર્થીઓ માટે વધુ પડતા બોજારૂપ છે.આથી તે અન્ય પ્રવૃત્તિઓ માટે સમય ફાળવી શકતો નથી, પરિણામે તેનો વિકાસ રૂંધાય છે. ઘણી શાળાઓમાં સંતોષકારક શિક્ષણકાર્ય થતું નથી. કેટલીક શૈક્ષણિક સંસ્થાઓમાં વિષય મુજબ શિક્ષક લેવામાં આવતા નથી. એટલે જે તે વિષયનું જ્ઞાન ના હોવાના કારણે તેની સીધી અસર બાળકો પર પડે છે. બાળકોને જે તે વિષયનું પૂરતું જ્ઞાન મળતું નથી. શિક્ષકોને ગમે તેમ કરીને અભ્યાસક્રમ પૂરો કરવામાં જ રસ હોય છે. વિદ્યાર્થીઓને એમાં કંઈ સમજણ પડી છે કે નહિ તેની દરકાર કરવામાં આવતી નથી. વિદ્યાર્થીની સમસ્યા ઉકેલવી એ કુટુંબ, સમાજ અને દેશના હિતમાં છે. શિક્ષણ નો મૂળભૂત હેતુ ભણીભણીને માણસ બને તે જરૂરી છે. પણ આજે કયાંક ને કયાંક એવું લાગી રહ્યું છે કે શિક્ષણ વિહીન વ્યક્તિઓ શિક્ષણનો દોરી સંચાર કરી રહ્યા છે.

શિક્ષણ નું મુખ્ય કામ અન્યાય સામે લડવાનું શીખવવાનું છે.. આપણા શિક્ષણમાં એવી તાકાત હોવી જોઈએ કે ,સામાન્ય માણસ ઉઠીને ઊભો થાય અને અન્યાય દૂર કરવા માટે લડત આપે.શિક્ષણ નું સાચું કામ જ આ છે. શૈક્ષણિક સંસ્થાઓમાં અપૂરતા શિક્ષકો અને માનવબળને કારણે શિક્ષણ ની ગુણવત્તા જોખમાય છે. કેટલીક શાળાઓમાં શિક્ષકો પૂરતા પ્રમાણમાં હોતા નથી. એનું એક કારણ એ પણ હોઈ શકે હોશિયાર વિદ્યાર્થીઓ શિક્ષક બનવા આવતા નથી.. પોતાની ઈચ્છા પ્રમાણે પ્રવેશ ના મળે પછી શિક્ષક બનવા ઈચ્છે છે.પણ આ ખોટું કહેવાય.

શિક્ષક ગણ ધ્વારા જ ડોક્ટર, એન્જીનીયર, વગેરે સારા મહાનુભવો દેશ ને મળે છે. કેટલીક ખાનગી સંસ્થાઓ બિનતાલીમ વ્યક્તિઓ ધ્વારા શૈક્ષણિક કાર્ય કરાવે છે. તેની અસર શૈક્ષણિક ગુણવત્તા પર થાય છે.શિક્ષણમાં રાજકારણ એટલી હદે ઘુસી ગયું છે. કહેવાય છે કે શિક્ષણ એ કાળા ધન નો સ્રોત બની ગયુ છે.

બાળકોના ભવિષ્યની કોઈ ચિંતા નથી. બેફામ ફી મા વાલીઓ લુટાય છે. કેટલીક આધુનિક શિક્ષણ સંસ્થાઓમાં ખુબ સુધારો કરવાની જરૂર છે. ફક્ત ઉચું ફી ધોરણ અને સંસ્થાઓનો સારો દેખાવ કરવાથી બાળકો નું ભાવિ સુધરતુ નથી. શિક્ષકો અને સાચા શિક્ષણ થી જ વિદ્યાર્થીઓ નું ભાવિ ઉજ્જવળ બને છે. શિક્ષણ ની ગુણવત્તામાં જો સુધારો નહીં થાય તો વિદ્યાર્થીઓ નું ભાવિ અધંકારમય બની જતા વાર નહીં લાગે. શિક્ષણ પરીક્ષાલક્ષી નહીં પણ જીવનલક્ષી હોવું જોઈએ. જીવનમાં જે ખરેખર ઉપયોગી છે, તે પ્રમાણે નું શિક્ષણ આપવું જોઈએ. ભાર વિના નું શિક્ષણ હોવું જોઈએ.ભારત માં જો શિક્ષણ પધ્ધતિ બદલાય તો જ રાષ્ટ્ર અને સમાજ માં બદલાવ આવશે. દેશ પ્રગતિ ના પંથે આગળ વધશે. આ માટે, પહેલા તો શિક્ષણમાં થી રાજકારણ નાબૂદ કરવું જોઈએ.

**મીનાક્ષી રાવલ,ગાંધીનગર**

### માનસરોવર યાત્રા બનશે સરળઃ સમય શક્તિનો થશે બચાવ

# હવે ચીન, નેપાળથી પસાર થયા વિના સીધા ઉતરાખંડથી માનસરોવર જઈ શકાશે



દહેરાદૂન તા.૨૪

કેન્દ્રીય મંત્રી નીતીન ગડકરીએ સંસદમાં જાણાવ્યું હતું કે ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં ભારતીય નાગરિક ચીન કે નેપાળથી પસાર થયા વિના કૈલાસમાન સરોવરની યાત્રા કરી શકશે. તેમાણે જાણાવ્યું હતું કે ઉતરાખંડના પિથોરાગઢથી એક રસ્તો બનાવવામાં આવી રહ્યો છે જે સીધો માન સરોવર જશે.

આ રસ્તો તૈયાર થયા બાદ માત્ર યાત્રાના સમયમાં જ કપાત નહીં થાય, બલકે મુશ્કેલ માર્ગ અગાઉની તુલનામાં ખૂબ જ સરળ થઈ જશે. રસ્તો તૈયાર

### ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં તૈયાર થઈ જશે રસ્તોઃ કેન્દ્રીય મંત્રી ગડકરીએ કરી મોટી જાહેરાત

કરવામાં મુશ્કેલીઓ આવી રહી છે. માઈનસ ૫ ડીગ્રી સેલ્સીયસમાં પણ ફાઈટર જેટ અને હેલિકોપ્ટરના માધ્યમથી મશીન પહોંચાડવામાં આવ્યા છે, આ પુરા રસ્તાનું ૮૫ ટકા કામ પુરું થઈ ચૂક્યું છે. ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં આ રસ્તો બનાવી લેવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે કૈલાસ માન સરોવર તીર્થયાત્રા હિન્દુઓની જેમ જૈન અને બૌદ્ધ ધર્મના લોકો માટે પણ ધાર્મિક મહત્વ રાખે છે. દર વર્ષે લાખો લોકો આ પવિત્ર જગ્યાએ પહોંચે છે. હાલના સમયમાં નેપાળ અને ચીનના રસ્તે કૈલાસ માન સરોવરની યાત્રામાં ૧૫થી૨૦ દિવસ લાગે છે.

ઉતરાખંડથી કૈલાસ માન સરોવરના નવા રસ્તાને ત્રાણ ભાગમાં વહેંચવામાં આવ્યો છે. પહેલો ભાગ પિથોરાગઢથી તવાઘાટ સુધી ૧૦૭.૬ કિલોમીટરનો છે. બીજો તવાઘાટથી ઘાટિયાબાગ સુધી ૧૯.૫ કિલોમીટરનો સિંગલ લેન છે અને ત્રીજો ભાગ ઘાટિયાવગઢથી ચીન સીમા પર લિપુલેખ પાસ સુધી ૮૦ કિલોમીટર લાંબો છે. જેને પગપાળા જ પાર કરી શકાય છે. આ ભાગને કવર કરવામાં પાંચ દિવસ લાગે છે અને આ એક કઠોર યાત્રા છે. તવાઘાટથી ઘાટિયાબગઢ કે જયાં હવે ડબલ લેન સડક છે, જયારે ઘાટિયાબગઢથી લિપુલેખ સુધીનો રસ્તો ૨૦૨૩ સુધીમાં પુરો થશે.

# વાળના ગુચ્છના કારણે એક વર્ષથી પેટની તકલીફથી પીડાઈ રહેલી નેન્સીને સિવિલ હોસ્પિટલના તબીબોએ પીડામુક્ત કરી

૯ વર્ષની નેન્સી યાદવના પેટમાંથી વાળનો વિશાળ ગુચ્છ નીકળ્યો ! સિવિલ હોસ્પિટલના નિષ્ણાંત તબીબોનું માનવું છે કે 'ઘણી કિશોરીઓ, યુવતીઓને પોતાના કે અન્યના વાળ ખાવાની અથવા વાળ ગળી જવાની ટેવ હોય છે ' જે પેટમાં જઈને ગુચ્છ સ્વરૂપે ગાંઠ બની મહાકાય સ્વરૂપ ધારણ કરે છે જેને તબીબી ભાષામાં ટ્રાયકોબેઝોર તરીકે ઓળખવામાં આવે છે.

ટ્રાયકોબેઝારની તકલીફ સાથે મહેસાણા થી આવેલી ૯ વર્ષની નેન્સીને સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જરી વિભાગના તબીબોએ કંઇ રીતે સંપૂર્ણપણે પીડામુક્ત કરી આવો જાણીએ આ રસપ્રદ કિસ્સો ... મૂળ ઉત્તરપ્રદેશ અને હાલ મહેસાણામાં પેટીયું રળી રહેલા સુર્યકાન્તભાઇ યાદવની દિકરી નેન્સીને છેલ્લા એક વર્ષથી પેટમાં દુખાવાની તકલીફ રહેતી હતી. આ તકલીફ વધુ ગંભીર બનતા તેઓ અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે પહોંચ્યા. ત્યાના તબીબોને સમસ્યા વધુ ગંભીર જણાઇ આવતા દિકરીને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઇ જવા જણાવ્યું.

પરિવારજનો વિના વિલંબે દિકરીને સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઇને આવ્યા. અહીં તબીબો દ્વારા સી.ટી.સ્કેન, એક્સ-રે જેવા જરૂરી રીપોર્ટસ કરાવવામાં આવ્યા. જેમાં બાળકીના પેટમાં ગાંઠ હોવાનું નિદાન થયું. સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જરી વિભાગના તબીબો દ્વારા સઘન સર્જરી કરીને બાળકીને પીડામુક્ત કરવા અમદાવાદ સિવિલ મેડિસીટીની ૧૨૦૦ બેડ મહિલા અને બાળ રોગ હોસ્પિટલમાં ઓપરેશન માટે લઇ જવામાં આવ્યા.

અમદાવાદ સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જરી વિભાગના એસોસિએટ પ્રોફેસર ડૉ. જયશ્રી રામજી , એનેસ્થેસિયા વિભાગના ડૉ. સિધ્ધાર્થ અને તેમની ટીમ દ્વારા સર્જરી હાથ ધરવામાં આવી. સર્જરી દરમિયાન બાળકીના પેટમાં કાંપો મૂકી ખોલીને જોયું ટીમ સ્તબ્ધ થઇ ગઇ. પેટમાં વાળના ગુચ્છ સ્વરૂપે ગાંઠ હતી. આ વાળના ગુચ્છાએ પેટમાં હોજરીનું સ્વરૂપ ધારણ કર્યું હતું જે કારણોસર તે ગાંઠ બની ગઇ હતી. જેને ભારે જહેમત બાદ સર્જરી દ્વારા સફળતાપૂર્વક દૂર કરવામાં આવી છે.

અમિતસિંહ ચૌહાણ

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
## સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




### NOG SS No-106
વિષયઃ-વિસામો
શીર્ષકઃ-વિસામો
પ્રકારઃ-પદ્ય
શબ્દોઃ-૯૦
નામઃ-મુક્તિદા કુમાર
'મનચલી'

ગામના વડલે વિસામો દીઠો,
દિન/રાત દોડધામ પછી
ઘર ઉંબરે વિસામો દીઠો,
ગરમીના ગોજારા તપમાં
છા/ઝમાં વિસામો દીઠો?
ગામના વડલે ઓટલે બેસી ?
કડવા લીંબડાની શીતળ છાયામાં વિસામો દીઠો.
માએ જ્યારે બાળકની આંખ્યુંમાં વિસામો દીધો.
દિકરાએ પિતાના ખભે વિસામો દીઠો
દિકરી પરણી સાસરે સુખી
આખા સંસારે વિસામો દીઠો,
ભૂખ્યાને ભોજન મળે ત્યાં,
પાપી પેટે વિસામો દીઠો.
નાના બાળકે માના પાલવ પકડી વિસામો દીઠો
જુવાન ધબકતાં હૈયાંએ જોને! અખિયનમાં વિસામો દીઠો.
જીવનના જંજાવાત મહીં
સમશાનમાં વિસામો દીઠો!!

---

### NOG SS NO. /0064
વિષય : વિસામો
પ્રકાર : પદ્ય
શબ્દો : ૫૮
શીર્ષક : પાનખર

એ મન તું પાનખરથી શીદને ડરે છે.
શીદને તું હરએક પળથી લડે છે.
ફૂલોની ફોરમ થઈને ઉગ્યો અને,
વૃક્ષ બની આપે છે છાંયડો તું.
સંતાનોને આપેલ સંસ્કારો છતાં,
કેમ એકલાં રહી જવાની વ્યથા?
આપજે તું નાનેરાઓને વહાલ સાથે,
તારા અનુભવોની અનેરી લ્હાણી.
શાપ નથી પણ જીવનકર્મ છે,
ભાર નહીં પણ આભાર છે પાનખર!
જીંદગીનો અંતિમ વિસામો છે પાનખર!

નેહા બગથરીયા

---

### NOG SS NO. /0112
વિષય : વિસામો
પ્રકાર : પદ્ય
શીર્ષક :મૂંઝવતો સવાલ વિસામો

સૌને મૂંઝવતો મોટો પ્રશ્ન માનવનો , ક્યારે મળશે વિસામો ?
દોડાદોડીના યુગ માં, ભૂતકાળ થઇ રહ્યો છે હવે વિસામો.
સમયની આ ભાગદોડ માં, સવાલ બની ગયો વિસામો,
આજ નહિ તો કાલે કદાચ , ચોક્કસ મળશે વિસામો.
ભાર ઉતરી જાય જીવનનો, જો સંતાન આપે વિસામો,
હાશકારો આપે પથિક , ઝાડના છાંયડે મળે જો વિસામો.
સંસાર કેરા ઝંઝાળ માં, કદાચ મળે નહિ જો વિસામો,
આખર સ્મશાનમાં "રાજ "એટલે જ રાખ્યો હશે વિસામો.

રચના,,,, રાજેશભાઇ વ્યાસ " રાજ "
ધ્રુવનગર,, મોરબી

---

### NOG. SS NO. 0097
વિષય : વિસામો
પ્રકાર : ગદ્ય
શીર્ષક : આશ્રય

એડવોકેટ નિર્મળા, શિક્ષક દંપતી મગનલાલ અને સવિતાબેનનું એક માત્ર સંતાન. પડોશમાં,વૈધવ્યની ગરિમા જાળવીને રહેતા,જાજરમાન અને ધનવાન એવા જયામાસીનો હૂંફાળો સહવાસ. આ રીતે બંને પડોશીઓ અરસ પરસ જરુરી અંતર રાખીને સુખ ચેનથી રહે.નિર્મળાએ ૨૨ વરસની ઉંમરે પ્રેક્ટીસ શરુ કરી. એક વરસ બાદ,પોતે આજીવન કુંવારા રહી સમાજ સેવા કરવા માંગે છે. એવો નિર્ણય જાહેર કર્યો. ઘણા પ્રયત્ન છતાં પણ એ પોતાના નિર્ણય માં અડગ જ રહી.નિર્મળાએ એની ૫૦મી વરસગાંઠે,પોતે ધીકતી પ્રેક્ટીસ છોડીને સામાજીક સંસ્થા શરુ કરવા માંગે છે. એમાં ત્રણે વડીલોના સાથની જરુર છે. એવો બીજો નિર્ણય જાહેર કર્યો. ચોક્કસ જ વડીલોએ એના આ નિર્ણયને સ હર્ષ
વધાવી લીધો.જયામાસીનું ઘર મોટું હતું. જેમાં ૧૫મહિલાઓને સારી રીતે વસાવી શકાય એવી વ્યવસ્થા હતી. નિર્મળાએ પોતાનો પલાન સમજાવ્યો. એ નિરાધાર યુવતીઓ માટે જયામાસીના ઘરમાં સંસ્થા શરુ કરવા ઇચ્છતી હતી. જયાં આ મહિલાઓ પોતાની ઈચછા મુજબ નોકરી, અભ્યાસ, કોઈ પણ પ્રવૃત્તિ માં જોડાય શકે. કશું પણ ન કરતી મહિલાઓ માટે ત્યાં જ ગૃહ ઉદ્યોગ શરુ કરવાનું નક્કી કર્યું.
દિવાળીમાં બેસતા વરસના દિવસે જયામાસીના જન્મ દિવસે આ સંસ્થા શરુ કરવાનું નક્કી કર્યું.આ રીતે "આશ્રય "સંસ્થામાં નિરાધાર બહેનોને વિસામો મળ્યો.નિવૃત શિક્ષક દંપતી અને જયામાસીના અનુભવ અને હૂંફ નો લાભ પણ મળ્યો. નિર્મળાએ ત્યાં જ વયાજબી ફી લઈ કાઉનસિલિંગ સેનટર શરુ કર્યું.

વર્ષાબેન દેસાઈ ,એડવોકેટ,
વડોદરા,હાલ-સિડની

---

### NOG SS No: 0013
પ્રકાર : ગદ્ય
વિષય : વિસામો
શીર્ષક : હાશ

અમે પાંચ સખીઓ સાથે ભણી ને કોઈ વ્યવસાય માટે
વિચારતા હતા ત્યારે કોઈકે સલાહ આપી કે મુંબઈમાં લોકોના પેટ ઠારવા માટે કઈક કરો,
અને અમે રસોઈ
અને નાસ્તાનો વ્યવસાય
શરૂ કર્યો.
સવારના છ વાગ્યાથી બપોરે
બાર વાગ્યા સુધી અને
સાંજે ચાર વાગ્યાથી રાત્રે
આઠ વાગ્યા સુધી અમે સખત
જ વ્યસ્ત રહીએ.
એક બહેન ખાલી ઠેપલા
બનાવે છે અને રોજ ના
હજાર ઠેપલા એમને ત્યાં
ત્રણ બહેનો આવીને બનાવે છે અને સરસ પેકિંગમાં દુકાનોમાં આપે છે.
એક બહેન ખાલી હાંડવી અને
ઢોકળા બનાવીને દુકાનોમાં
આપે છે.
એક બહેન ફક્ત પાતળા બનાવીને કેટેરર ને આપે છે.
બીજા બે બહેનો રસોઈ
ઓર્ડર પ્રમાણે ઘરે બનાવીને
ટિફિન મોકલે છે.
કામકાજ પૂરું થયા પછી અમે બધી જ બહેનો
એક મંદિરમાં ભેગા થઈએ અને
ત્યાં બેસી એકબીજાની વાતો
સાંભળી કોઈ મુશ્કેલી હોય તો
દૂર કરી અને રોજ પ્રભુ
ભજન કરીએ છીએ. રાત્રે
જતા જતા રસ્તામાં જે કોઈ
ગરીબ જન મળે એને
અમારી સાથે લાવેલો નાસ્તો
અને મિષ્ટાન પગે પાડીને
આપીયે છીયે. જ્યારે જ્યારે
નાસ્તો આપીયે છીયે ત્યારે
ભગવાન બધાને ભૂખ્યો
ઉઠાડે છે પણ ભૂખ્યો સુવાડતો નથી એ કહેવત
યાદ કરીને બધાને પેટ
ભરીને ખવડાવીએ છીયે.
આ કાર્ય કરતી વખતે જે
આત્મસંતોષ થાય છે એજ
અમારો વિસામો.

ઘનશ્યામ વ્યાસ.મુંબઈ

---

### NOG SS No :- 0038
વિષય :-વિસામો
વિભાગ :-પદ્ય
શીર્ષક :-મનનો વિસામો

મનમાં ભરી ના જીવીશ મનવા,
મનભરી ને જીવી લેને તું...!
ચંચળ મન દોડ્યા કરે આમતેમ,
સતનો વિસામો આપને તું...!
વિસામો નથી એનો એક ઠેકાણે,
લાલચ પાછળ દોડતા અટકાવને તું...!

મોહમાયામાં ફસાઈ ભટક્યા કરે,
સાચું શુ છે સમજાવને તું...!
મથ્યા કરે રાતદિવસ બધુ પામીલેવા ને,
સ્વાર્થના પંજામાંથી એને છોડાવને તું....!
મહાન જે મેળવે વિજય મન ઉપર,
એ મહાનતાને પામી લેને તું....!

શીલાપટેલ " આકાંક્ષા "

---

### NOG SS No : 0110
પ્રકાર : ગદ્ય-વિચાર લેખ
વિષય : વિસામો
શબ્દો : ૩૪૯
શીર્ષક : 'ચાલતો રહેજે'
લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

વિસામો કોને ન જોઈએ? જીવ માત્રને વિસામો જોઈએ. ચાહે તે પશુ હોય,પક્ષી હોય કે મનુષ્ય હોય. દરેકના લક્ષ્ય જુદા હોય, દરેકની ક્ષમતાઓ જુદી હોય પરંતુ સફર કરવી એ તય હોય છે. આ સફરમાં લક્ષ્ય સુધી પહોંચતા પહેલાં અલગ-અલગ અંતરે દરેકને વિસામો લેવો જ પડે છે. વિસામા વગરની કોઈ પણ સફર શક્ય જ નથી. માટે સફરમાં યોગ્ય સ્થળે અને યોગ્ય સમય માટે વિસામો લેવો ખૂબ આવશ્યક છે.
જીવનના જુદા જુદા ચરણમાં મનુષ્ય પોતાનું જીવન ઉન્નત બનાવવા કાર્યરત રહે છે. પૈસો, માન અને પ્રતિષ્ઠા મેળવવાની દોડ છેક નાનપણથી શરૂ થાય છે, યુવાનીમાં દોડની ગતિ વધે છે, જે ઘણા કિસ્સાઓમાં આગળ જતાં ધીમી તો પડે છે, પરંતુ છેક વૃદ્ધાવસ્થા સુધી ચાલુ રહે છે. આ સફરમાં પણ વિસામો ખૂબ જરૂરી બની રહે છે. પરંતુ સફરમાં કોણે, ક્યાં અને કેટલો વિસામો લેવો તે પોતે જ નક્કી કરવું પડે છે.
જીવનભરની દોડભાગ પછી વૃદ્ધાવસ્થામાં મનુષ્ય એક હાશકારા સાથે વિરામ ઈચ્છે છે અને ગમતો વિસામો શોધે છે. આપણે સહુ માનીએ છીએ કે, થાક ઉતારવા માટે વિસામો જરૂરી છે. હા, ઘણા અંશે એ વાત સાચી પણ છે. પરંતુ સફરમાં વિસામાની બીજી પણ ઘણી અગત્યતા છે. ક્યારેય બાજ પક્ષીને અને ચિત્તાને શિકાર પહેલાં તૈયારી કરતાં જોયા છે? તેઓ પણ વિસામો તો લે છે, પરંતુ પોતાનું ધ્યાન શિકારમાં કેન્દ્રિત કરે છે. દિશા બદલે છે, પોતાની ગતિ તેજ કરે છે અને પછી લક્ષ્યવેધ કરે છે. આમ મારી દ્રષ્ટિએ વિસામો એ માત્ર થાક ઉતારવા માટે નહીં, પરંતુ આગળની દિશા અને ગતિ નક્કી કરવા માટે પણ ઉપયોગમાં આવતો હોય છે.
વૃદ્ધત્વમાં વિસામો મળતાં હવે 'માત્ર વિરામ'નું વલણ ત્યજી આગળ એક નવો રસ્તો શોધવામાં આત્મબળ લગાવવું જોઈએ. આપણી સામે ઘણા બધા રસ્તાઓ હોય છે. ચિંતન અને મનન કરીને આગળ ઉપરના જીવનની દિશા નક્કી કરવી જોઈએ. જરૂરી નથી આખી જિંદગી જે દિશામાં દોટ મૂકી તે દિશા પકડી રાખવી અને તેજ ગતિએ દોડવું. એ તો સૌ પશુ પક્ષી કરે જ છે. મનુષ્ય તરીકે વૃદ્ધાવસ્થાના વિસામા પછી કંઈક વિશિષ્ટ વિચારવું જોઈએ, પોતાના ઉત્કર્ષ માટે અને પોતાના આનંદ માટે પ્રવૃત્તિ કરવી જોઇએ. જો આપણે આપણા માટે આગળની સાચી દિશા પસંદ કરી શકીએ,જે આપણા મનને પ્રફુલ્લિત રાખે, મનુષ્ય હોવાનો આનંદ આપે તો વૃદ્ધાવસ્થાનો વિસામો ફલિત થયો કહેવાશે. મેં તો આ વિસામા પર મારી સર્જનાત્મકતાની બારીઓ ખોલી નાંખી છે.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

---

### NOG SS No. 0059.
વિષયઃ "વિસામો".
પ્રકાર ગદ્ય- વાર્તા.
શીર્ષકઃ " શેઠ નો વિસામો".
શબ્દો : ૨૯૫.
જયકાન્ત ઘેલાણી પ્યારે".

ગૂજરાતની ભૂમી એટલે સંત મહાત્માઓની ભૂમી, અને તેમાય ગીરની ભૂમીતો !
સમસ્ત વિશ્રવમાં જેની હાક વાગેછે , તેવી જંગલના રાજા સિંહ ની ભૂમી !
જેની ગર્જના સાંભળવા, સાથે સિંહના શરીર ઉપરની સુંદર કેશવાળી જોવા સમસ્ત વિશ્રવના લોકો હમેશા આતુર હોયછે તે
ધારી તાલુકાનાં દલખાણીયા ગામમાં શાન્તિભાઇ શેઠનું નામ તેની જાહોજલાલી સાથે તેની વિશાળ સેવા ભાવનાથી સદાય ગુંજતુ રહે.
શેઠ જેવ પરદુ:ખ ભંજન, તેવાજ શેઠાણી પૂષ્પાદેવી ! તેમની સૂગંધ પણ તેની વિશાળ દુર દેસીતાથી સમગ્ર પંથકમાં પ્રસરી ગઈ હતી.
શાન્તિલાલ શેઠ નામ તેવા ગૂણ ધરાવતા હતા તો શેઠાણી
શાન્તા દેવી પણ નામને અનુસાર સાલસ સ્વભાવની સૂગંધ પ્રસરાવવામા શેઠથી કમ નહી !

દર વર્ષે ગામમાં ખૂટતી કડીની વ્યવસ્થા શેઠ પરિવાર તરફથી થતીજ રહે, પછી તે બાળકો માટેની પ્રાથમિક નિશાળ હોયકે,પ્રાથમિક મેડીકલ સૂવિધા ! કે પછી ઘર ઘરમા પાણીના નળની સૂવિધા !
સમસ્ત ગામના લોકો શેઠ શેઠાણીનો પડ્યો બોલ ઉપાડવા હમેશા તૈયાર !
આછે ગામના લોકોની,શેઠ પરિવાર પ્રત્યેની સદભાવના !
એક દિવસ, સમી સાંજે, શહેરમાંથી ગામ તરફ, ગાડીમા આવતા સમયે, ગામના પાદર પાસેજ ગાડીનો ભયંકર એકસીડન્ટ થતાંજ ગામના પાદરે શેઠ-શેઠાણી સાથેજ સ્વર્ગસ્થ થયા. ગ્રામજનો ઉપર આ વજઘાત જ હતો,સૌએ હિમત સાથે સમજણ શકિત કેળવી,
બે ભવ્ય આત્માઓના દેહને,સમગ્ર ગ્રામજનોએ મળી અશ્રુભીની આખે અગ્નિસંસ્કાર કર્યા.
એક મહિનાનાં ટૂંકા સમયમા ફક્ત ગ્રામજનોનાજ, તન-મન અને ધન ના સહકારથી અવિરત મહેનત કરી, એક અંતિમ વિસામોની ક્રિયા માટેનૂ અધતન સ્મશાન સ્થાન બનાવ્યું ,જેમાં પશુઓ માટે પાણી પિવાના, 'હવાડા',
પક્ષીઓ માટે 'ચણઘર',
સાથે અનાથ લોકો માટે એક આશ્રય સ્થાન પણ બનાવ્યૂ .
ગ્રામજનોએ તેને સાચી શ્રધ્ધાંજલી રૂપે નામ આપ્યૂ,
"શેઠ નો વિસામો".
' શેઠ નો વિસામો ',
આજે, પક્ષીઓ,પ્રાણીઓ તેમજ મનુષ્યો માટે એક અનુપમ વિશ્રામ
સ્થાન બની, 'વિસામો' શબ્દને
સાર્થક કરતાંની સાથે પંથકમા એક જોવા લાયક સ્થાન બન્યુછે.
વિસામો'એટલે અન્યના સૂખ માટે
પ્યારે' માનવજન્મને સાર્થક કરવો.
જયકાંત ઘેલાણી."પ્યારે"

# શ્રી પદ્મનાભ ભગવાનની શોભાયાત્રામાં સૌ પ્રથમ વખત નાસિક ના મહિલા- પુરુષના ઢોલ ત્રાસા ગૃપ આકર્ષણ નું કેન્દ્ર બનશે



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

ભગવાન શ્રી પદ્મનાભજી નાં જન્મ જયંતી મહોત્સવ પ્રસંગે આયોજિત ધાર્મિક ઉત્સવો ની પાટણના ઈલેક્ટ્રોનિક તેમજ પ્રિન્ટ મીડિયાના પત્રકારો ને માહિતી પ્રદાન કરવામાં આવી..

પાટણ પ્રજાપતિ જ્ઞાતિ સમાજ અને શ્રી પદ્મનાભ વાડી ટ્રસ્ટ ના સંયુક્ત ઉપક્રમે શ્રી પદ્મનાભ ભગવાન જન્મ જયંતિ મહોત્સવ સમિતિ દ્વારા ભગવાન શ્રી પદ્મનાભજી ની ૬૨૦ મી જન્મજયંતિ મહોત્સવ ની બુધવારના પવિત્ર દિવસે ભવ્યાતિભવ્ય ધાર્મિક કાર્યક્રમો વચ્ચે ઉજવણી કરવામાં આવનાર છે. ત્યારે આ જન્મ જયંતી મહોત્સવ પ્રસંગની માહિતી પ્રદાન કરવા મંગળવારના રોજ શ્રી પદ્મનાભ મંદિર પરિસર ખાતે પાટણના ઈલેક્ટ્રોનિક તેમજ પ્રિન્ટ મીડિયાના પત્રકાર મિત્રોની પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ઉપસ્થિત રહેલા તમામ ઈલેક્ટ્રોનિક તેમજ પ્રિન્ટ મીડિયાના પત્રકાર મિત્રો ને ભગવાન શ્રી પદ્મનાભજી ના ૬૨૦ માં જન્મ જયંતી પ્રસંગે આયોજિત કરાયેલા વિવિધ ધાર્મિક ઉત્સવો ની જાણકારી આપવામાં આવી હતી.

શ્રી પદ્મનાભ ભગવાન જન્મ જયંતી ઉત્સવ સમિતિ દ્વારા પાટણ પ્રજાપતિ જ્ઞાતિ સમાજ અને પદ્મનાભ વાડી ટ્રસ્ટ ના નેજા હેઠળ ભગવાન શ્રી પદ્મનાભજી ની ૬૨૦ મી જન્મ જયંતી પ્રસંગે બુધવારના રોજ સવારે ૮:૩૦ કલાકે શ્રી નરસિંહ ભગવાનના મંદિર પરિસર ખાતેથી ભગવાન શ્રી પદ્મનાભ સહિતના દેવતાઓની મહાઆરતી સાથે શોભાયાત્રાનું ? પ્રજાપતિ સમાજના અગ્રણી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ગુજરાત રાજ્યના પ્રવીણભાઈ ઓતિયા સહિત સમાજના આગેવાનો,દાતાઓ દ્વારા લીલી ઝંડી આપી ને પ્રસ્થાન કરાવવામાં આવશે. જે શોભાયાત્રા નરસિંહજી મંદિર ખાતેથી પ્રસ્થાન પામી શહેરના પિંડારિયા વાડા, દોશીવટ બજાર, હિંગળાચાચર, જુનાગજ બજાર, નીલમ સિનેમા, બુકડી, મીરાં દરવાજા થઈને શ્રી પદ્મનાભ ભગવાનના મંદિર પરિસર ખાતે પહોંચશે જયાં શોભાયાત્રાનું ભવ્ય સામૈયુ કરાશે.ત્યારબાદ શોભાયાત્રા માં જોડાયેલા સૌ ભાવિક ભક્તો બપોરની પ્રસાદ ગ્રહણ કરશે. કોરોના ની વૈશ્વિક મહામારી બાદ ભગવાન શ્રી પદ્મનાભજીની ૬૨૦ મી જન્મ જયંતી પ્રસંગે નીકળનારી આ શોભાયાત્રામાં નિશાંન ડંકો, કળશ ધારી કુવારીકાઓ, ભગવાન શ્રી પદ્મનાભજી, શ્રી ગણપતિજી, શ્રી નકળંગજી, શ્રી હરદેવજી ભગવાનની સુંદર બગીયો,ધજા દંડ સાથે સૌપ્રથમવાર પાટણ શહેરમાં નાસિકની મહિલા અને પુરુષ ટીમ સાથેના ઢોલ ત્રાસા ગૃપ, બેન્ડ,ડી.જે.સહિત ૧૦ ઉટલારીઓ જેમાં વિશેષ આકર્ષણ એવા પ્રજાપતિ સમાજના વ્યવસાયની જાખી રહેશે.સાથે સાથે બાળકો નાં મનોરંજન માટે કાર્ટુન, વાંદરા, રાક્ષસ નાં વેશભૂષા ધારીઓ પણ જોડાશે. ભગવાન શ્રી પદ્મનાભજી ના જન્મ જયંતી પ્રસંગે નીકળનારી આ શોભાયાત્રાના માર્ગો પર સમાજના સેવાભાવી યુવાનો દ્વારા અને વિવિધ સમાજ સંગઠન દ્વારા વિવિધ સેવાકેમ્પો ઉભા કરવામાં આવશે. ભગવાન શ્રી પદ્મનાભ ના ૬૨૦ માં જન્મ જયંતી પ્રસંગે શ્રી પદ્મનાભ મંદિર પરિસર ખાતે એક કુંડી યજ્ઞ, ૨૮ કીર્તન ની સેવા, મહાઆરતી અને ધજા દંડ વિધી સહિત સમાજ શ્રેષ્ઠીઓ અને દાતાઓનો સન્માન સમારોહ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રવીણભાઈ ઓતિયા અને શિક્ષણ મંત્રી કિર્તીસિંહ વાઘેલા ની ખાસ ઉપસ્થિતિમાં યોજાશે. ત્યારબાદ સમુહ ભોજન પ્રસાદનું આયોજન પણ કરવામાં આવ્યું હોવાનું આયોજકોએ ઉપસ્થિત પત્રકાર મિત્રો ને માહિતી આપતા જણાવ્યું હતું.રાત્રે શ્રી પદ્મનાભ મંદિર પરિસર ખાતે જય હરિ મંડળ અને આનંદ સાઉન્ડ ના સંયુક્ત ઉપક્રમે ભજન સંધ્યા નો કાર્યક્રમ પણ આયોજિત કરવામાં આવ્યો છે તો આ પ્રસંગે ભગવાન શ્રી પદ્મનાભજી જન્મ જયંતી ની કેક કાપી આતશબાજી સાથે ઉજવણી કરવામાં આવશે.

કોરોનાની મહામારી બાદ આયોજિત કરાયેલ ભગવાન શ્રી પદ્મનાભજી ની ૬૨૦ મી જન્મ જયંતી પ્રસંગને સફળ બનાવવા પાટણ પ્રજાપતિ જ્ઞાતિ સમાજ અને પદ્મનાભ વાડી ટ્રસ્ટ દ્વારા આયોજિત શ્રી પદ્મનાભ જન્મ જયંતિ મહોત્સવ સમિતિના સેવાભાવી યુવા કાર્યકર્તાઓ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હોવાની સાથે સાથે પાટણ પ્રજાપતિ જ્ઞાતિ સમાજના દાતાઓ અને અમેરિકા સ્થિત રહેતા પરિવારજનોએ પણ આ ધાર્મિક પ્રસંગને સફળ બનાવવામાં સહયોગ સાંપડ્યો હોવાનું આયોજકોએ જણાવ્યું હતું.

પાટણ પ્રજાપતિ સમાજના ઈષ્ટદેવ ભગવાન શ્રી પદ્મનાભજી ના ૬૨૦ માં જન્મ જયંતી પ્રસંગે આયોજિત પાટણ શહેરના ઈલેક્ટ્રોનિક તેમજ પ્રિન્ટ મીડિયાના પત્રકાર મિત્રોની પ્રેસ કોન્ફરન્સમાં પાટણ પ્રજાપતિ જ્ઞાતિ સમાજના પ્રમુખ ધર્મેશભાઈ પ્રજાપતિ , પદ્મનાથ ભગવાન વાડી ટ્રસ્ટના પ્રમુખ ટ્રસ્ટી પ્રમોદભાઈ પ્રજાપતિ, કમલેશભાઈ સ્વામી, રમેશભાઈ સ્વામી, મંત્રી કલ્પેશ સ્વામી સહિત શ્રી પદ્મનાભ જન્મ જયંતિ મહોત્સવ સમિતિના પ્રમુખ ચિંતનભાઈ પ્રજાપતિ, ઉપપ્રમુખ રાજેશ પ્રજાપતિ મીડિયા કન્વીનર યશપાલ સ્વામી સહિત સમાજના સેવાભાવી યુવાનો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



પ્રજા વત્સલ રાજવી લોકશાહી માટે પોતાનું રાજ્ય સૌ પ્રથમ સમૅપિત કરનાર પ્રાતઃ સ્મરણીય મહારાજા કૃષ્ણકુમારસિંહજી ગોહિલ ભાવેણા (ભાવનગર)ની પ્રતિમા ને તેઓ ની પુણ્યતિથિ એ પુષ્પાજંલિ નો અમુલ્ય લહાવો ગોહિલવાડ રાજપુત સમાજ ના અધ્યક્ષ અને આગેવાનો સાથે મળ્યો

## સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના કુલ ૧૩૭૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી
# અરવલ્લી જિલ્લામાં ધોરણ ૧૦માં ગણિતના પેપરમાં ગુજરાતી માધ્યમના ૧૭૯૦૫ અને અંગ્રેજી માધ્યમના ૪૬૪ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જિલ્લામાં ચાલી રહેલી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાના કેન્દ્રો ઉપર ૪ એપ્રિલને સોમવાર દિવસે લેવામાં આવેલી ધોરણ ૧૦ ની પરીક્ષામાં કુલ ૧૭૮૮૫ વિદ્યાર્થીઓ માંથી ૧૭૦૯૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.જેમાં ગુજરાતી માધ્યમના ૧૭૦૯૫ વિદ્યાર્થીઓએ ગણિત વિષયની પરીક્ષા આપી હતીં અને અગ્રેજી માધ્યમના ૪૬૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં ધોરણ-૧૦ના ૭૯૦ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.જયારે ૫૦ દિવ્યાંગ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના સમાજવિદ્યા વિષયના ૨૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે ૧ વિદ્યાર્થી ગેરહાજર રહ્યો હતો તથા વિજ્ઞાન પ્રવાહના ગણિત વિષયમાં ૨૯૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને ૫ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતા જયારે વાણીજય વ્યવસ્થાના ૧૦૫૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને ૧૩ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતા. એમ જિલ્લા શિક્ષણાધિકરીની એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

### સોનેરી મૃગની વાતો કરી છળ કપટ કરતા લોકોને ઓળખી ધોબી પછાટ કરવા આહવાન કરતા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ

# શ્રી સી.આર.પાટીલ સાહેબના વરદ હસ્તે આજ રોજ ૧૫ થી વધુ એપના પ્લેટ ફોર્મ પર સોશિયલ મીડિયાની કામગીરી NFC કાર્ડ અને ડેશબોર્ડનું લોંચીંગ કરવામાં આવ્યું.

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, આજે પંડિત દિન દયાળ ઉપાધ્યાય હોલ અમદાવાદ ખાતે ભારતીય જનતા પાર્ટીના સોશિયલ મીડિયા વિભાગ, આઇ.ટી.વિભાગ અને મીડિયા વિભાગનો સંયુકત કાર્યક્રમ ''ડિજિટલ વોરિયર્સ'' સમિટ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની અધ્યક્ષતામાં યોજાઇ હતી. આજના આ ડિજિટલ વોરિયર્સ કાર્યક્રમને સંબોધતા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે જણાવ્યું હતું કે, ગુજરાત ભાજપા દેશભરમાં સોશિયલ મીડિયા,આઇ.ટી અને મીડિયાના કાર્યોમાં પ્રથમ ક્રમાંકે છે તે બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા. શ્રી સી.આર.પાટીલ સાહેબના વરદ હસ્તે આજ રોજ ૧૫ થી વધુ એપના પ્લેટ ફોર્મ પર સોશિયલ મીડિયાની કામગીરીનુ લોંચીંગ કરવામાં આવ્યું હતું અને સાથે સાથે પેજ કમિટિ,પ્રાથમિક સભ્ય અને સક્રિય સભ્યની સમસ્ત કામગીરી એક જ પ્લેટફોર્મ પર આંગળીના ટેરવે મળી રહે તે માટે ડેશ બોર્ડનું લોચિંગ કરવામાં આવ્યું હતું. દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ ભારતીય જનતા પાર્ટી ગુજરાતના ઇન્સ્ટાગ્રામ અને ટ્વીટર પેજથી દ્વલ્લઝ કાર્ડ થકી તરત જ જોડાઇ શકાય તેવા ૬ કાર્ડનું લોનચિંગ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્ડને દ્વલ્લઝ અને મોબાઇલ સાથે ટચ કરવાથી તરતજ મહાનુભાવોના સોશિયલ મીડિયામાં જોડાઇ શકશે અને અનેકવાર આ કાર્ડનો ઉપયોગ પણ થઇ શકશે.

શ્રી પાટીલ સાહેબે વધુમાં જણવ્યું હતું કે, Idea, Imagination y™u Implementation એમ ૩ૈં થકી સોશિયલ મીડિયાનો અને આઇટીનો ઉપયોગ કરવો જોઇએ .આજના ડિજિટલ યુગમાં ડિજિટલ હાજરી અને ફીઝીકલ હાજરી બંને ખૂબ જ મહત્વપુર્ણ છે. ભાજપા પાસે કાર્યકરોની ખૂબ મોટી ફોજ છે. માટે ફીઝીકલ તેમજ ડિજિટલ માધયમ થકી સરકારની બધી જ યોજનાઓના લાભો લાભાર્થીઓ સુધી સરળતાથી પહોચાડી શકીએ છીએ. ફિઝિકલ આપણે મળવાથી લાગણીઓ, સબંધો અને વિચારોના આપ-લે થાય છે તે એક રાજકીય પક્ષ માટે ખૂબ જરૂરી છે.

શ્રી સી.આર.પાટીલ સાહેબે જણાવ્યું હતું કે, જયારે ભાજપનો કાર્યકર્તા સોશિયલ મીડિયા પર પોતાની પોસ્ટ કરે કે વિચાર મુકે ત્યારે તેને સમાજ જીવન સવિશેષ માને છે અને ફોલો પણ કરે છે તે જ પ્રજા અને કાર્યકર્તા વચ્ચેની વિશ્વસનીયતા દર્શાવે છે.

શ્રી પાટીલે જણાવ્યું કે, ત્રણ-ત્રણ દાયકાથી પંચનિષ્ઠા સાથે પરિશ્રમ અને સેવા ભાવનાના કારણે દરેક ચુંટણીઓમાં, તમામ પેટા ચુંટણીઓ અને સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભવ્ય વિજય થયો છે અને વિરોધીઓની ડિપોઝિટ ડુલ થઇ છે. કાર્યકર્તાઓની તાકાતને ભેગી કરીને જનતાના વિશ્વાસને પરિણામમાં પરિવર્તીત કરી શકવાની ભાજપની કાર્યક્ષમતાના કારણે વિરોધીઓની કમર તૂટી ગઇ છે. વર્ષ ૨૦૦૬થી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ સોશિયલ મીડિયાના ઉપયોગનો પ્રારંભ કર્યો અને શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે પ્રથમ ક્રમાંકે રહ્યા અને ભવિષ્યમાં પણ રહેશે તેમ જણાવતા શ્રી પાટીલે હાલમાં આવેલ એક સર્વેના આધારે જણાવ્યું હતું. શ્રી પાટીલ સાહેબે ગુજરાત પ્રદેશ ભાજપના તમાંમ કાર્યકરોને લાખ લાખ અભિનંદન પાઠવી વંદન કરતા જણાવ્યું હતું કે, કાર્યકર્તાઓની મહેનતના કારણે આજે સમગ્ર દેશમાં ગુજરાત રાજયના એક માત્ર પ્રદેશ અધ્યક્ષને ટોપ ૧૦૦માં ભારતના શક્તિશાળી વ્યકિતઓમાં સ્થાન મળ્યું છે. શ્રી પાટીલે સોશિયલ મીડિયાનો સકારાત્મક ઉપયોગ કરીને ટુંકી અને સાચી માહિતી સોશિયલ મીડિયામાં મુકીને રાજય તેમજ કેન્દ્ર સરકારની પ્રજા લક્ષી યોજનાઓના લાભો પ્રજા સુધી પહોંચાડવાની હાંકલ કરી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભારત માતા કી જય, વંદે માતરમ અને




જય શ્રી રામના નારા ગુંજી ઉઠ્યા હતા. શ્રી પાટીલે સોનેરી મૃગની વાતો કરી છળ કપટ કરતા લોકોને ઓળખી ધોબી પછાટ કરવા આહવાન કર્યું હતું અને કાર્યકર્તા વગરના ભાડુતી માણસો સાથેના વિપક્ષોને રાજયની પ્રજા હરાવીને તેમનું સ્થાન ચોક્કસથી બતાવશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

આ કાર્યક્રમમાં પ્રદેશના મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલા, પ્રદેશ આઇટી વિભાગના ઇન્ચાર્જશ્રી નિખિલ પટેલ અને સહ ઇન્ચારજશ્રી મહેશભાઇ મોદી, પ્રદેશના સોશિયલ મીડિયા વિભાગના ઇન્ચાર્જશ્રી સિદ્ધાર્થભાઇ પટેલ, સહ ઇન્ચાર્જશ્રી મનનભાઇ દાણી, પ્રદેશ પ્રવકતાશ્રી યમલભાઇ વ્યાસ, પ્રદેશના સહપ્રવકતાશ્રીઓ શ્રી ભરતભાઇ ડાંગર, ડો.રૂત્વીજ પટેલ, શ્રી હિતેન્દ્રભાઇ પટેલ પ્રદેશ મીડિયા વિભાગના સંયોજકશ્રી ડો. યજ્ઞેશભાઇ દવે, પ્રદેશ મીડિયા વિભાગના સહ સંયોજકશ્રી ઝુબિનભાઇ આસરા,પુર્વ ધારાસભ્યશ્રી અલ્પેશજી ઠાકોર સહિત જીલ્લા-મહાનગરના અપેક્ષીત કાર્યકર્તાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ચાણસ્માના કેશણી ગામ ખાતે આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત લોકડાયરો યોજાયો



ચાણસ્મા તાલુકાના કેશણી ગામના ચોક ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત શોર્ય દેશભક્તિ અંતર્ગત ભવ્ય લોકડાયરો યોજાયો.રાજ્ય સરકાર દ્વારા હાલમાં ગુજરાત ભરમાં આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણી થઈ રહી હોય જેના ભાગે વિવિધ સાંસ્કૃતિક પ્રોગ્રામ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. ત્યારે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર નાં આર્થિક સહયોગ અને ×વહાણવટી ભવાઈ કલા મંડળ× પાટણ આયોજિત આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણી ભાગ રૂપે ભવ્ય લોક ડાયરો ખુલ્લો મુકવામાં આવ્યો હતો જેમાં મુખ્ય મહેમાન ગામના સરપંચ કેશણીગામ પંચાયતના સદસ્યો તેમજ ગામના ઉત્સાહી મિત્રો તેમજ દૂધ મંડળીના મંત્રી ગામના આગેવાનો અને પત્રકાર રાજેશ જાદવ તેમજ ગ્રામજનો સહિત મહાનુભાવો ઉપસ્થિત રહી લોક ડાયરાને ખુલ્લો મુકયો હતો.

આ લોક ડાયરામાં શોર્ય ગીતો ભારતના વીર સુપૂતો અને દેશ ભક્તિના અને ભારતમાતાની ઈતિહાસ ગાથા તેમજ દેશ માટે બલિદાન આપનાર શહીદોઉપર ભવ્ય લોકગીતો શોર્ય ગીતો ગાથા દ્વારા ભવ્ય લોકડાયરામાં રજુવાત કરવામાં આવી હતી ડાયરાના કલાકારો ધીરજભાઈ તુરી, મુગટલાલ જાદવ, ફરશુરામ બારોટ, હિમાંશુ જાદવ,જગદીશ જાદવ, દિલીપ તુરી, ભરત બારોટ, મનહરભાઈ તુરી, ધવલ તુરી, તમામ કલાકાર સહિત ના સથવારે રમઝટ બોલાવી લોકોને મંત્ર મુંગ્ધ કર્યા હતા. ×વહાણવટી ભવાઈ કલા મંડળ×ના લીડર ધીરજભાઈ તુરી દ્વારા તમામ લોકો નો આભાર વ્યક્ત કર્યો હતો. અહેવાલ મીતેશ વ્યાસ ચાણસ્મા.

## ડાંગ જિલ્લાની વધુ બે સહકારી મંડળીઓની નોંધણી રદ

શ્રી પૂર્ણા વિભાગ તડબૂચ, ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. ખાતળ, તથા શ્રી પીમ્પરી વિભાગ બાગાયત સમૂહ ખેતી કરનારા ખેડૂતોની સેવા સહકારી મંડળી લી., પીમ્પરીની નોંધણી સહકાર વિભાગ દ્વારા રદ્દ કરવામા આવી છે.

ડાંગના મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર (સહકારી મંડળીઓ) શ્રી સુરેન્દ્રભાઈ ભોયે તરફથી મળેલી અખબારી યાદી અનુસાર, સદર મંડળીઓને ફડચામા લઈ જવાના અંતિમ હુકમ બાદ, આ મંડળીઓના છેવટના ઓડિટ રિપોર્ટને આધારે, ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ અન્વયે આ મંડળીની નોંધણી રદ્દ કરવામા આવી છે. જેની સંબંધિતોને નોંધ લેવા જણાવાયુ છે.

નરેન્દ્ર પવાર,ડાંગ

## નવોદય વિદ્યાલયની ધોરણ-૯ની પ્રવેશ પરીક્ષા તા.૯મી એપ્રિલે યોજાશે

આહવાઃ તાઃ ૦૫

જવાહર નવોદય વિદ્યાલય, સાપુતારામા ધોરણ-૯ માટે યોજાનાર લેટરલ એન્ટ્રી પરીક્ષા તા.૦૯/૦૪/૨૦૨૨ શનિવારે સવારે ૧૦ થી ૧.૩૦ સુધી લેવામા આવશે. આ પરીક્ષાનું સ્થળ જવાહર નવોદય વિદ્યાલય, સાપુતારા (જિલ્લો-ડાંગ) રહેશે. જે વિદ્યાર્થીઓએ પરીક્ષા ફોર્મ ભરેલ હોય એમનુ એડમિટ કાર્ડ, સંબંધિત તાલુકાના ટીપીઓ પાસે થી મળશે, અથવા એ પોતે એડમિટ કાર્ડ ડાઉનલોડ પણ કરી શકશે. સંબંધિત વિદ્યાર્થીઓએ ઉપર મુજબની તારીખે પરીક્ષા માટે ઉપર બતાવેલ પરીક્ષાના સ્થળે એડમિટ કાર્ડ સાથે હાજર રહેવા આચાર્યશ્રી, નવોદય વિદ્યાલય સાપુતારાની એક અખબારી યાદીમા જણાવાયુ છે.

નરેન્દ્ર પવાર,ડાંગ

### એમ્સટર્ડમ પહોંચેલા રાષ્ટ્રપતિએ ક્યુકેનહાફમાં વિશ્વ પ્રસિદ્ધ ટ્યૂલિપ ગાર્ડનની મુલાકાત લીધી

# રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ટ્યૂલિપ ફુલની એક પ્રજાતિને ''મૈત્રી'' નામ આપ્યું




૫ એપ્રિલ, એમ્સટર્ડમઃ

ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ત્રણ દિવસના સત્તાવાર પ્રવાસે બપોરે નેધરલેન્ડની રાજધાની એમ્સટર્ડમ પહોંચ્યા હતા જ્યાં તેમણે ક્યુકેનહાફમાં વિશ્વ પ્રસિદ્ધ ટ્યૂલિપ ગાર્ડનની મુલાકાત લીધી હતી. ભારત અને નેધરલેન્ડ વચ્ચેના ૭૫ વર્ષના રાજદ્વારી સંબંધોને પ્રદર્શિત કરવા માટે રાષ્ટ્રપતિ કોવિંદે ટ્યૂલિપની ફુલની એક પ્રજાતિને ''મૈત્રી'' નામ આપ્યું હતું.

આ અવસરે ટ્યૂલિપ ગાર્ડનમાં સંબોધિત કરતા રાષ્ટ્રપતિ કોવિંદે કહ્યું, ''આજે ભારત અને નેધરલેન્ડ વચ્ચેના સંબંધોમાં એક નવું ફુલ ખીલશે. અમે આ ટ્યૂલિપ ફુલનું નામ ''મૈત્રી'' રાખ્યું છે જેનો અર્થ મિત્રતા થાય છે. આ અનોખી પહેલા માટે હું નેધરલેન્ડની સરકારો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. ભારત અને નેધરલેન્ડના લોકો વચ્ચેની મિત્રતા અને સંબંધોને મજબૂત કરવાની દિશામાં તે પ્રેરિત કરશે. '' રાષ્ટ્રપતિ કોવિંદે કહ્યું કે નેધરલેન્ડમાં આવીને તેમને પ્રસન્નતા થઇ રહી છે. આ પ્રવાસ મેં આપણા બન્ને દેશના રાજદ્વારી સંબંધોની ૭૫મી વર્ષગાંઠના વિશેષ અવસરે કર્યો છે. હું યુરોપના ક્યુકેનહાફ ગાર્ડન અને વિશ્વ પ્રસિદ્ધ ટ્યૂલિપના ઘરમાં આવીને અત્યંત ખુશ છું. આ ગાર્ડન દર વર્ષે લાખો મહેમાનોને આમંત્રિત કરે છે અને નેધરલેન્ડમાં વસંત ઋતુનું આગમન થાય છે. તે બાગબાની ક્ષેત્રે ડચ લોકોની નિપૂણતાને પ્રદર્શિત કરે છે જે તેને વિશ્વનો સૌથી મોટો ટ્યૂલિપ ઉત્પાદક અને નિર્યાત કરનારો દેશ બનાવે છે. ચુકેનહાફ ગાર્ડનને યુરોપનો બગીચો પણ કહેવામા આવે છે જે વિશ્વના સૌથી મોટા ફુલોના બગીચા પૈકી એક છે. સત્તાવાર વેબસાઇટ અનુસાર , ક્યુકેનહાફ પાર્ક ૩૨ હેક્ટરના ક્ષેત્રમાં ફેલાયેલો છે અને લગભગ ૭ મિલિયન ફુલો છે.

ક્યુકેનહાફ ગાર્ડનને ખાસ કરીને ટ્યૂલિપ માટે ઓળખવામા આવે છે અને અન્ય ફુલ જેમ કે હાઇઅસિન્થ, ડૈફોડીલ્સ, લિલી, ગુલાબ, કાર્નેશન્સ અને આઇરિસ પણ સામેલ છે. તે દક્ષિણ હોલેન્ડ પ્રાંતમાં હાર્લેમના દક્ષિણમાં એમ્સટર્ડમના દક્ષિણ પશ્ચિમમાં ''દૂન અને બલ્બ ક્ષેત્ર'' નામના વિસ્તારમાં સ્થિત છે. આ બગીચાનું મેદાન ખાનગી કાર્યક્રમો અને તહેવારો માટે વર્ષ દરમિયાન ખુલ્લું રહે છે પરંતુ માર્ચથી મેના મધ્ય સુધી વિશ્વ પ્રસિદ્ધ ૮ અઠવાડિયાના ટ્યૂલિપ ડિસ્પ્લે માટે સામાન્ય લોકો માટે ખુલુ રહે છે જેમાં એપ્રિલ મહિનામાં મોટી સંખ્યામાં પર્યટકો આવે છે.

## સુરત ખાતે યોજાયેલી યોગ બોર્ડની ચિંતન શિબિરમા ભાગ લેતા ડાંગના પ્રતિનિધિઓ



: આહવાઃ તાઃ ૦૫:

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સુરત ડીંડોલી (સુરત) સ્થિત દિપદર્શન સ્કુલ ખાતે, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શ્રી યોગ સેવક શિશપાલજીના અધ્યક્ષ સ્થાને ચિંતન બેઠકનુ આયોજન કરાયુ હતુ.

ગત તારીખ ત્રીજી એપ્રિલના રોજ સવારે ૯ થી સાંજે ૪ વાગ્યા સુધી યોજાયેલી આ બેઠકનુ આયોજન, દક્ષિણ ઝોનના કો ઓર્ડીનેટર સ્વાતિબેન ધાનાણી દ્વારા કરાયુ હતુ. જેમા દક્ષિણ ઝોનમા સમાવિષ્ટ દરેક જિલ્લાના કો ઓર્ડીનેટર, સિનિયર યોગ કોચ, તથા નવનિયુક્ત ટીમ લીડરો ઉપસ્થિત રહયા હતા.

આ ચિંતન બેઠકમા ડાંગ જિલ્લા કોઓર્ડીનેટર શરૂ કમલેશભાઈ દ્વારા, ડાંગ જિલ્લામા ગુજરાત રાજ્ય યૉગ બોર્ડ ના યોગ કોચ અને યોગ ટ્રેનરો દ્વારા ચાલી રહેલા યોગ વર્ગો, અને અને યોગના પ્રચાર પ્રસારની રૂપરેખા રજુ કરવામા આવી હતી.

નરેન્દ્ર પવાર,ડાંગ

## સરકાર દ્વારા ગુજરાત કેશ કલા બોર્ડની રચના કરવામાં આવે તેવી સમગ્ર નાઇ સમાજની માંગ

બનાસકાંઠા બ્યુરો

રિપોર્ટ : દીલીપ ગોહીલ

આજ રોજ થરાદ ખાતે રાષ્ટ્રીય નાઇ મહાસભા ના ગુજરાત અધ્યક્ષ શ્રી આંબાભાઇ સોલંકી અને બનાસકાંઠા અધ્યક્ષ રવજીભાઇ નાઇ ના નેતૃત્વ હેઠળ કુળદેવી ચામુંડા ગેસ્ટ હાઉસ ખાતે સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બનાસકાંઠા જીલ્લા ના નાઇ/વાળંદ સમાજ ના અગ્રણીઓ મોટી સંખ્યા માં હાજર રહ્યા હતા. આ સભા ની શરુઆત દીપ પ્રાગટ્ય કરી ભારત માતા કી જય બોલાવી શરૂ કરી હતી. ત્યાર બાદ ગુજરાત ના અધ્યક્ષ શ્રી આંબાભાઇ સોલંકી એ જણાવ્યું હતુ કે સમગ્ર નાઇ સમાજ માં શિક્ષણ વધે અને સમાજ એક મત થઇ મજબુત સંગઠન બનાવી સરકાર દ્વારા સમગ્ર ગુજરાત માં કેશકલા બોર્ડ ની સ્થાપના કરવામાં આવે અને જો સરકાર દ્વારા આગામી સમય માં ગુજરાત માં જો કેશકલા બોર્ડ ને સ્થાપિત કરવામાં નહી આવે તો ગુજરાત ના સમગ્ર નાઇ સમાજ ગાંધી ચિંધ્યા




માર્ગે નિકળશે. ત્યાર બાદ સમાજ ના તમામ નાઇ સમાજ ના લોકો ને પડતી મુશ્કેલીઓ વિશે તેમજ સળગતા પ્રસ્નો ને સાંભળી તેનુ નિરાકરણ લાવવાની આંબાભાઇ સોલંકી એ ખાત્રી આપી હતી. અને સમગ્ર ગુજરાત ના લોકો વધુ માં વધુ રાષ્ટ્રીય નાઇ મહાસભા માં જોડાય તેવુ આહ્વાન કર્યુ હતુ. અને આવનારા સમય માં સરકાર દ્વારા સમગ્ર ભારત માં નાઇ સમાજ ની નોંધ લેવાશે તે પણ અધ્યક્ષ દ્વારા જાણવા મળ્યુ હતુ. સભાની અંતે રાષ્ટ્રીય નાઇ મહાસભા માં સમગ્ર ગુજરાત ના તમામ જિલ્લા અને તાલુકા માં પ્રમુખ, ઉપ પ્રમુખ, મંત્રી હોદ્દાઓ ની નિમણૂંક કરી તમામ હોદ્દેદારો ને નિમણૂંક પત્ર આપી માનભેર સન્માનિત કરાયા હતા.જ્યારે કાણોદર ગામ સમસ્ત નાઇ સમાજ દ્વારા ગુજરાત અધ્યક્ષ શ્રી આંબાભાઇ સોલંકી તેમજ બનાસકાંઠા અધ્યક્ષ રવજીભાઇ નાઇ નું સાલ ઓઢાડી ઉષ્માભેર સન્માન કરવામાં આવ્યુ હતુ. જે બદલ સમસ્ત કાણોદર ગામના નાઇ સમાજ નો આભાર વ્યકત કર્યો હતો.

## ડીસામાં પડતર માંગણીઓને લઇ તબીબોની હડતાળથી દર્દીઓ અટવાયા

બનાસકાંઠા બ્યુરો

રિપોર્ટ : દીલીપ ગોહીલ

સમગ્ર ગુજરાતમાં સરકારી તબીબો પર પોતાની પડતર માંગણીઓને લઈને હડતાળનું હથિયાર ઉગામ્યું છે. ત્યારે સરકારી પ્રાથમિક આરોગ્ય સામૂહીક આરોગ્ય કેન્દ્ર અને સિવિલ હોસ્પિટલમાં આરોગ્ય સેવાઓ ખોરવાઇ જવા પામી છે.

સરકારી તબીબો દ્વારા પોતાની માંગણીઓને લઈને અગાઉ સરકારમાં રજૂઆત કરવામાં આવી હોવા છતાં સરકાર દ્વારા કોઇ જવાબ ન મળતાં સોમવારે ગુજરાતમાં ૧૦,૦૦૦ જેટલાં તબીબો હડતાળમાં જોડાયા છે.

ત્યારે તબીબોની હડતાળના પગલે દર્દીઓ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. જેમાં સેકરા ગામની એક દિકરી ધો. ૧૦ ની પરીક્ષા આપી પાલનપુરથી પરત આવતાં ડીસા બસ સ્ટેશનમાં ચક્કર આવતાં એક સેવાભાવી નાગરીક દ્વારા સારવાર અર્થે ડીસા સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી.પરંતુ તબીબો હડતાળ પર હોઇ હોસ્પિટલ સ્ટાફ દ્વારા અન્ય હોસ્પિટલમાં સારવાર અર્થે જવાનું જણાવતાં સેવાભાવી નાગરીક દ્વારા મિડીયાનો કોન્ટેક કરતાં સિવિલ હોસ્પિટલના નર્સિંગ સ્ટાફ દ્વારા દિકરીને સારવાર અર્થે બાટલા ચડાવી જરૂરી સારવાર અપાઇ હતી. ત્યારબાદ દિકરીની તબિયતમાં સુધારો આવ્યો હતો. જ્યારે પ્રાથમિક અને સામૂહીક તબીબો હડતાળમાં જોડાતાં ગ્રામિણ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ ખોરવાઇ હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારે આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ ભેમાભાઇ ચૌધરી દ્વારા પણ તબીબોની માંગને સરકાર દ્વારા સ્વીકારીને દર્દીઓને આરોગ્ય સેવાઓ તાત્કાલીક અસરથી ઉપલબ્ધ કરાવવામાં તેવી સરકારને વિનંતી કરાઇ હતી.

જો કે, સમગ્ર ગુજરાતમાં સરકારી તબીબો હડતાળમાં જોડાતાં સારવાર અર્થે આવતાં દર્દીઓ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. ત્યારે સરકાર દ્વારા પણ તબીબો હડતાળમાં જોડાતાં દર્દીઓ માટે યોગ્ય આરોગ્ય સેવાઓ મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવે તેવી જનમાંગ ઉઠવા પામી રહી છે.

## આજ રોજ ગાંધીનગર પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે યુવા મોરચાની પત્રકાર પરિષદ યોજાઇ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડો. પ્રશાંતભાઇ કોરાટે પ્રત્રકાર પરિષદ સંબોધતા જણાવ્યું કે, યુવા મોરચા દ્વારા દેશના ૭૫માં આઝાદીકા અમૃત મહોત્સવ નિમિત્તે દેશના અમૃત કાળનો સંદેશો યુવાનો સુધી પહોચે અને યુવાનોમાં એક દેશ ભક્તિનું સંચાર થાય તે હેતુથી ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસ ૬ એપ્રિલના રોજ અમદાવાદ ખાતેથી યાત્રાની શરૂઆત કરવામાં આવશે. આ યાત્રાને ૬ એપ્રિલના રોજ પ્રદેશના અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ, રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ,યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી તેજસ્વી સુર્યા તેમજ પ્રદેશના મહામંત્રીશ્રીઓ અને અન્ય પદાધિકારીશ્રીઓ અમદાવાદ ખાતે ઉપસ્થિત રહી યાત્રાને પ્રસ્થાન કરાવશે. શ્રી કોરાટે વધુમાં જણાવ્યું કે,યુવા મોરચા દ્વારા ૭૫ બાઇકો સાથે ગુજરાત ભરમાં આશરે ૩ હજાર કિમી ફરી ૮૦ વિધાનસભા બેઠકો પર દેશ માટે શહિદ થયેલા અનેક વિરોના વિચારોને યુવાનો સુધી પહોંચાડવાનું કામ હાથ ધરશે. આ યાત્રામાં અલગ-અલગ થીમના ટેબ્લો સાથે સમગ્ર ગુજરાતમાં આ યાત્રા ફરશે. અમદાવાદથી શરૂ થઇને યાત્રા ઉત્તર ઝોનના દરેક જીલ્લામાં પહોંચશે ત્યાર બાદ સૌરાષ્ટ ઝોનના દરેક જીલ્લામાં પહોંચશે ત્યાથી નડિયાદ થઇ મધ્યઝોનના દરેક જીલ્લામાં થઇ દક્ષિણ ઝોનમાં સુરત ખાતે ૨૫ એપ્રિલે યાત્રાનું સમાપન થશે.

શ્રી કોરાટે વધુમાં જણાવ્યું કે, સમગ્ર ગુજરાતમાં ૪૦૦ થી વધુ સ્થાનો પર યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે સાથે અમુક સ્થાનો પર નાની-મોટી સભા યોજવમાં આવશે. ૨૦૨૨ થી ૨૦૪૭ સુધી અમૃકાળના સમયમાં ૧૮ થી ૨૫ વર્ષના યુવાનો આવનાર સમય છે. અને આવનાર સમયમાં ભારત શક્તિશાળી દેશ બને તેવુ ભારતીય જનતા પાર્ટીના દરેક કાર્યકરનું સ્વપ્ન છે. આ દેશના યુવાનો પર આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને સંપુર્ણ વિશ્વાસ છે ત્યારે આ યાત્રા ગુજરાતના દરેક યુવાનો સુધી આઝાદીકા અમૃત મહોત્સવ યાત્રાનો મેસેજ પહોંચે તે માટે આ યાત્રાનું આયોજન કરાયું છે. શ્રી કોરાટે વધુમાં જણાવ્યું કે, આ યાત્રામાં દેશને આઝાદી અપાવનાર સ્વતંત્ર સેનાનીઓના ઘરના આંગણાની માટી એકત્ર કરવામાં આવશે સાથે આઝાદ ભારતના જે પણ સૈનિકોએ આપણા દેશની રક્ષા માટે શહિદી વ્હોરી છે તેમના પરિવારજનોને મળી તેમના ઘરના આંગણાની માટી પણ કળશમાં એકત્ર કરવામાં આવશે તેમજ કોરોના જેવી વૈશ્વીક મહામારીમાં ફ્રન્ટ લાઇન કોરોના વોરિયર્સને પણ શહિદનું બિરુદ મળ્યુ છે તેમના પરિવારજનોને મળી તેમના ઘરની માટી એકત્રીકરણ કરવામાં આવશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.